Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ • અંક : ૪૮ • તા. ૨૪ થી ૩૦ નવેમ્બર ૨૦૧૨ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No.MH/MR/East/53/2012-14






અનુવાદસંચય "બહુવચન"નું મુખપૃષ્ઠ

## સિધ્ધહસ્ત અનુવાદનકાર શ્રી કરમશીભાઈ પીર

વિશ્વના ખ્યાતનામ ચિંતકો અને સર્જકોના લેખોના અનુસર્જન સ્તરના અનુવાદોએ અગ્રગણ્ય ગુજરાતી સાહિત્યકારોને **શ્રી કરમશી પીર**ને સલામ કરવાની ફરજ પાડી છે. એવા પડદા પાછળના સાહિત્યસર્જક શ્રી કરમશી જેઠાભાઈ લોડાયા (B.A.)ની સર્જનાત્મક કલાની નોંધ રજુ કરતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

જેમણે તાજેતરમાં (૨૩ નવેમ્બર ૧૯૩૪) ૭૯મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. એવા પાંજા માડુ કરમશીભાઈ પીરનો પરિચય મેળવીએ.

દરેક ભાષાનું આગવું વ્યક્તિત્વ છે. એટલે એક ભાષામાંથી ઉચ્ચસ્તરના લખાણો બીજી ભાષામાં ઉતારવા એક વિશિષ્ટ પ્રતિભા માંગતી બાબત છે. તેમાં પણ વિશ્વસ્તરે આગવી પ્રતિભા કે સર્જક તરીકે પંકાયેલા લોકોના સર્જનમાં ડોકિયું કરાવતા વિશેષ ભાષાકીય ઝલક ધરાવતા લેખોને પોતાની ભાષામાં ઉતારવા અને તે પણ જાણે પોતાની ભાષામાં જ લખાયેલા હોય તેવા મૌલિક ભાવ સાથે ઉતારવા એક સર્જન જેટલું જ વિશિષ્ટ એ અઘરું કામ છે. ગુજરાતી સાહિત્યમાં અલગ ભાત પાડનારા સુરેશ જોશી પ્રેરિત "ક્ષિતિજ સંશોધન પ્રકાશન કેન્દ્ર" દ્વારા પ્રકાશિત જ્ઞાતિની લગભગ અજાણી રહેલી આ પ્રતિભા એટલે **શ્રી કરમશી પીર**.

એમનું શ્રેષ્ઠ અનુવાદ સંગ્રહ **"બહુવચન"** આ પ્રકારનું ઉચ્ચ સ્તરીય પ્રકાશન છે. કરમશીભાઈ ફોટોગ્રાફીમાં નિષ્ણાંત છે. પરાં વિસ્તારની પહેલી કલર લેબ શરૂ કરવાનું માન પણ તેમને ફાળે જ છે. તેમણે અંગ્રેજી અને બંગાળીમાંથી ગુજરાતીમાં અનુવાદો કરવા સાથે ગુજરાતીમાંથી અંગ્રેજીમાં અનુવાદ કરવાનું સામર્થ્ય કેળવ્યું છે. આ મૃદુભાષી ફોટોગ્રાફર સંગીત અને સિનેમાના રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય પ્રવાહોથી પરિચિત રહે છે.

તેમના અનુવાદો "એતદ, સંધિ, તથાપિ" તેમજ ફાર્બસ ગુજરાતી સભાના ત્રૈમાસિક જેવા સાહિત્યિક સામાયિકોમાં પ્રગટ થયા છે એ નોંધપાત્ર વાત છે. તેમણે ગુજરાતીમાંથી અંગ્રેજીમાં અનુવાદિત કરેલ કાવ્યો "ઈન્ડીયન લીટરેચર" માં માનભર્યું સ્થાન પામ્યા છે.

"બહુવચન" નામે તાજેતરમાં પ્રગટ થયેલ અનુવાદ સંગ્રહ, વિશ્વસ્તરીય ચિંતક, નોબેલ પારિતોષિક મેળવનાર સર્જકો તથા કલાક્ષેત્રની પ્રતિભાઓના લેખોથી સમૃધ્ધ છે.

ઈમેન્યુઅલ કાન્ટ, માર્ટિન હાયડેગર, કલોદ લેવી-સ્ત્રોસ, એન્ટોનીઓ ગ્રામશી, મિશેલ ફૂકો, લુઈ આલ્થુઝર, જેવા જીવન તેમજ કલા સાહિત્ય વિશે પાયાનું ચિંતન કરનારા વિચારકોના વિશિષ્ટ પરિભાષામાં લખાયેલ લેખ તેમાંની વિભાવનાઓ ગુજરાતી ભાષામાં ઉતારીને તેમણે ગુજરાતી વાચકોને નવા વિચારોથી પરિચિત કરવા સાથે ગુજરાતી ભાષાનું પોત સમૃધ્ધ કર્યું છે. ઓકતાવિયો પાઝ, હેરોલ્ડ પિન્ટર, અને સેંટ જોન પર્સ જેવા નોબેલ પારિતોષિક વિજેતાઓના કલા, સત્વ કે કવિતા વિષેના વિચારો ગુજરાતી ભાષામાં સરલતા જ નહીં તરલતા રજૂ કરવાનું સામર્થ્ય દાખવી કરમશી પીરિ એ સંબંધે ગુજરાતી સાહિત્યકારોમાં થતી ચર્ચાને ઉચ્ચ સ્તરે મૂકી છે.



બહુમુખી પ્રતિભા : શ્રી કરમશીભાઈ પીર

કરમશીભાઈ પીરનું વાંચન વિશાળ છે તેથી અહીં સમાવેલ અનુવાદોમાં કલા-સાહિત્ય, ચિંતનના આંતરરાષ્ટ્રીય પ્રવાહ ઝીલવાનો પ્રયત્ન થયો છે. જોકે અમુક ગંભીર પણ આપણને પરિચિત એવા વિષયો પણ છે. જેમકે રવીન્દ્રનાથ ઠાકુરનો એક પત્ર, રવીન્દ્ર ટાગોરની ચિત્રકૃતિ વિશે કલા મિમાંસક આનંદકુમાર સ્વામી, સત્યજીત રાય જેવા ફિલ્મ સર્જક, અમૃતા શેરગિલ અને અતુલ ડોડીયા જેવા ચિત્રકારોની કલા વિશેના લેખ ભાગવત પુરાણમાં કલા નિર્મિતિ અને ધર્મ વિચારણા તથા ગુજરાતીમાં મુસ્લિમ ભક્તિમાર્ગી સાહિત્ય વગેરે. આ પુસ્તકનું આવરણ અને સજાવટ આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ ચિત્રકાર અતુલ ડોડીયાનું છે. આ અનુવાદ સંચય બેનમુન ગ્રંથ છે.

# પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ

જન્મ
તા.૫-૧-૧૯૩૫



સ્વર્ગવાસ
તા.૨૪-૧૧-૨૦૧૧

## સ્વ. માતુશ્રી રતનબાઈ ચત્રભૂજ માંચા (શાહ)
(નાગ્રેચા-જલગામ)

હે... માઁ અંધારામાં દેખાડે રાહ એવી દિવ્ય દિવડી હતા તમે, રણમાં છીપાવે તરસ એવી મીઠી વિરડી હતા તમે.
પરમાત્મા તમારા દિવ્ય આત્માને ચિરશાંતિ આપે એજ પ્રાર્થના સાથે ભાવભરી શ્રદ્ધાંજલિ આપીએ છીએ.

માત તારા અમે બાળ,
તુમ બાળક બન્યા નિરાધાર
શ્રી સંઘ તેમજ પરિવાર સાથે જીવિત મહોત્સવ
રહી ગઈ બસ એક યાદ, કોને કરીએ ફરિયાદ?
તપ, ત્યાગ અને કરૂણાની મૂર્તિ પામો મોક્ષદ્વાર,
નમન કરીએ તમારા ચરણે કોટિ કોટિ વાર
બાગ બગીચાની હતી ફુલવારી
ઈચ્છાઓ પુરી કરનારી,
ચન્દ્રેશ, સોનમ, ભાવિની
ત્રણેયની હતી લાડલી દાદી
ભૂલ્યા ભૂલાય નહી કદી ઉપકાર
જ્યાં હો ત્યાં પ્રભુ ચિર શાંતિ આપે એજ અંતર પુકાર
માંની વિદાયને વિતી ગયું એક વર્ષ, કરે મનનો મોરલીયો ટહુંકાર
યાદ તમારી રહેશે દિનરાતો, "હેમંત" ને નહીં વિસરાય કદી નિર્મલ નાતો

**✻ શોકાતુર ✻**

પતિ : સ્વ. ચત્રભૂજ પદમશી માંચા (શાહ)

| | |
|---|---|
| પુત્ર-પુત્રવધુ | : અ.સૌ. નિર્મલા હેમંત માંચા • અ.સૌ. જયાબેન લક્ષ્મીચંદ દંડ (સાંઘવ) |
| નણંદ | : સ્વ. મણીબાઈ ત્રીકમજી દંડ (શેવગાંવ) • સ્વ. ભચીબાઈ માણેકજી મોમાયા (સાંગલી) |
| માવિત્ર | : સ્વ. શીવજી ડુંગરશી પટેલ (મોતા) પરિવાર (તેરા) |
| દોહીત્રવધુ - દોહીત્રા | : સૌ. તોરલ તીલેશ દંડ • સૌ. દર્શના મિતેશ દંડ |
| પડદોહીત્રા, પુત્ર-પુત્રી | : ચિ. પરમ, ચિ. ખુશી |
| પૌત્રવધુ-પૌત્ર | : સૌ. સોનમ ચંદ્રેશ માંચા |
| પૌત્રી | : કુ. ભાવીની |
| વેવાઈઓ | : શ્રી નરશી ચત્રભુજ દંડ (સાંઘવ), શ્રી ચત્રભુજ દેવરાજ સાયલા (તેરા), શ્રી ધનજી લખમશી પટેલ (જખૌ) |

સમસ્ત સ્નેહીજનોની ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ

હેમંત ચત્રભુજ શાહ (હેમંત કીચન વેઅર્સ-જલગામ) ફોન : 09423914963 / (0257) 2224671

**આદ્યતંત્રીઓ**
**"પ્રકાશ"**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**: કાર્યાલય :**
**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**
**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર**
**સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
**www.prakashsamiksha.com**
**E-mail:kdo_prakash@yahoo.co.in**

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## આપણે જાદુયુગમાં જીવી રહ્યા છીએ? – *પ્રવીણ લોડાયા (વડોદરા)*

લગભગ ૨૬૦૦ વર્ષ પહેલાં પહેડી, હોમ-હવન, પુજા-અર્ચના યજ્ઞ-બલિ આ બધાની સામે બુલંદ અવાજ ઉપડીને દુનિયાને નવો માર્ગ બતાવનાર પ્રભુ મહાવીરની આજે આપણે જ અવહેલના કરી રહ્યા છીએ.

ભગવાન મહાવીર ઈતિહાસનું એક એવું વ્યક્તિત્વ છે કે જેનાથી દાર્શનિક, ધાર્મિક, વૈજ્ઞાનિક, સામાજિક તેમજ રાજનૈતિક ક્ષેત્ર હમેશાં પ્રભાવિત થતું રહ્યું છે.

એમણે જીવનના સમગ્ર વિકાસને માટે એક આચારસંહિતા આપી.. વ્યક્તિના સત્વની પ્રતિષ્ઠા કરી અને એકલાપણાનું મહત્વ સમજાવ્યું. જીવતત્વની સાર્થકતા દર્શાવી.

મહાવીર સૌ પ્રથમ વ્યક્તિ હતા જેમણે કહ્યું કે આત્માના વિકાસમાં દુન્યવી કોઈના સહારાની આવશ્યકતા નથી.. સવ્વે જીવા કમ્મવસ્સ...

ભગવાન મહાવીરે આ પૃથ્વીતલ ઉપર વિચરીને અજ્ઞાન, અશાંતિ અને વાસનાઓથી ઘેરાયેલા આ જગતના લોકોને શાંતિનો અને જીવનશુધ્ધિનો અનુભવસિધ્ધ સાચો રાહ બતાવતા રહી, જે અસીમ ઉપકાર કર્યો તેની જો પૂરી નોંધ લેવી હોય તો ગ્રંથોના ગ્રંથો ભરાય એટલા બધા પ્રેરક પ્રસંગો અને સામગ્રી સતત ઉપલબ્ધ છે. એમની વાણીનું જેટલું અર્થઘટન કરવા જઈએ તેમ તેમ વધુ સમજતા જઈએ.

ભગવાનના નિર્વાણ પછી ગૌતમસ્વામીએ કહ્યું હતું કે પ્રભુ મને ઘણીવાર કહેતા કે નિરાલંબી બન.. આલંબન માત્ર છોડી દે-આંતર દુનિયા તરફની, ત્યાં ન કોઈ ગુરૂ છે, ન કોઈ શિષ્ય. ભગવાને સમજાવ્યું કે ગૌતમ, સ્નેહ કરતાં સાધના ઘણી ચડિયાતી છે.

આ સંદર્ભમાં મેં અલીગઢ હીસ્ટોરીકલ સોસાયટીએ બહાર પાડેલ "રીલીજીઅન ઈન ઈન્ડિયન હીસ્ટ્રી" પુસ્તક વાંચ્યું.

ભારતીય ઈતિહાસના સંદર્ભમાં અનેક ધર્મો અને સંપ્રદાયોની જે ચર્ચા આ પુસ્તકમાં છે તેની માત્ર ઝલક રજૂ કરું છું.

ભારત અને અન્ય ઠેકાણે ધર્મની શરૂઆત થઈ તે પહેલા આદિવાસીઓમાં "જાદુનો યુગ" હતો.. જાદુમાં મંત્ર-તંત્ર દ્વારા ચમત્કારનું તંત્ર વિશેષ હોય છે. જાદુયુગમાં તેના અનુયાયીઓ ભગવાનની શક્તિમાં નહિ પરંતુ મંત્રતંત્રની તાકાતમાં વિશ્વાસ ધરાવે છે. (માફ કરજો, આજે પણ આપણે ભગવાનની શક્તિમાં નહિ પણ મંત્રતંત્રની તાકાતમાં વિશ્વાસ ધરાવીએ છીએ!)

સંસ્કૃત ભાષામાં માયા, માયાવિદ્યા, અભિચારવિદ્યા, જાલકર્મ, વશક્રિયા વગેરે જાદુને લગતા શબ્દો છે. આ જાદુમાંથી દેવોની કલ્પના અને તેમાંથી પણ એક પરમેશ્વરની કલ્પના એક મોટું વૈચારિક પગલું છે. તેને વૈચારિક ક્રાંતિ ગણી શકાય.

ભારતમાં ધર્મ અને આધ્યાત્મિક માન્યતાઓ તથા કલ્પનાઓમાંથી અનેક વિચારો ઉભા થયા. વૈદિક સમયમાં આવકિ, કાપાલિક અને લોકાયત અને તાંત્રિકો ઉભા થયા અને વૈદિક જમાનાના અંત પછી બુધ્ધ અને જૈન ધર્મોનો જન્મ થયો.

સાંખ્ય અને વૈશેષિક તથા ન્યાયવૈશેષિક જેવી ચિંતનની શાખાઓ ઉભી થઈ. જૈન અને બુધ્ધ ધર્મ વેદની ઘણી માન્યતાઓ સાથે સહમત થતા ન હતા.

ઇ.સ.૮૦૦થી ઇ.સ.૧૦૦૦ ના બસો વર્ષ દરમિયાન ભારતમાં જૈન ધર્મ અને વૈષ્ણવ ધર્મ બહુ લોકપ્રિય થયા અને સમગ્ર ભારતમાં ફેલાઈ ગયા.

ફાહીયાન (ઇ.સ.૩૯૯થી ૪૧૪) આજે હ્યુ એન સંગ (ઇ.સ. ૬૨૯ થી ઇ.સ.૬૪૫) જ્યારે ભારતમાં બુધ્ધ ધર્મનો અભ્યાસ કરવા આવ્યા ત્યારે તેમણે નોંધ્યું કે બૌધ્ધ ધર્મની અવદશા શરૂ થઈ ગઈ હતી.. અને બુધ્ધના ધાર્મિક સ્થળો ખંડિયેર બની ગયા હતા.

જૈન ધર્મ હિન્દુ કે બુધ્ધ ધર્મ જેટલો લોકપ્રિય ન હતો કારણ કે તેના નીતિનિયમો બહુ ચુસ્ત હતા તેથી તેનો બેઝ (પાયો) પહેલેથી જ સાંકડો હતો.

તેના ચુસ્ત આચાર-વિચારનું પાલન બહુજન સમાજ માટે શક્ય ન હતું. તેમાં અહિંસા ધર્મનું અને ઉપવાસોનું ચુસ્ત પાલન કરવાનું હોવાથી જૈનો માટે ખેતીવાડી જેવું ઉદ્યમ કરવાનું પણ શક્ય ન હતું!

કારણ કે ખેતીમાં બહુ શ્રમ હોવાથી ઉપવાસો થઈ ન શકે તેમજ ખેતીમાં સૂક્ષ્ય રીતે અનેક જીવોની હિંસા થાય છે. આથી ઘણા જૈનાએ ખેતીવાડી છોડીને વ્યાપાર-ધંધો અપનાવ્યો, આ પરંપરા હજી પણ ચાલુ છે.

હિન્દુ ધર્મને ટકાવી રાખવામાં ભક્તિયુગે મોટો ભાગ ભજવ્યો. ભક્તિયુગ સમગ્ર ભારતમાં ફેલાઈ ગયો.. મોગલ જમાનામાં જૈનોની જેમ હિન્દુઓ પણ શક્તિશાળી વેપારીઓ તરીકે ઉભરી આવ્યા. ભક્તિયુગમાં ભજન કિર્તન થયા અને મંદિરો કીડિયારાની જેમ બનવા લાગ્યા.

ઇ.સ.૪૦૦થી ઇ.સ.૯૦૦ના પાંચસો વર્ષ દરમ્યાન ભારતમાં અદ્‌ભુત વૈદિક અને બુધ્ધિસ્ટ ચિંતકો ઊભા થયા. દુનિયાના કોઈ દેશમાં આ ગાળામાં આટલા ઊંડા અને ઓરીજીનલ ચિંતકો ઉભા થયા નથી.

યુરોપમાં મોટા ભાગના ચિંતકો છેક ઇ.સ. ૧૫૦૦ પછી ઊભા થયા છે. ભારતમાં આટલા ઉંડા ચિંતકો કેમ ઉભા થયા તેના કારણોની આપણને જાણ નથી.

ઇ.સ.૪૦૦ની આજુબાજુ સાંખ્ય પર ઈશ્વરક્રિષ્ણ નામના ઉંડા ચિંતક ઉભા થયા આ ગાળામાં (ઇ.સ. ૪૦૦ થી ૯૦૦) વસુબંધુ બુધિસ્ટ લોજીશીઅન (તર્કશાસ્ત્રી) તરીકે, વાત્સાયન ન્યાયસૂત્રના ભાષ્યકાર તરીકે, ધર્માહુતિ, શાંતારક્ષિત, કમલશીલ, ધર્મોત્તર વગેરે પણ બુધ્ધિસ્ટ તર્કશાસ્ત્રી તરીકે, કાશ્મીરના ભર્તુહરિ વ્યાકરણકાર તરીકે, ન્યાયચિંતનના તર્કશાસ્ત્રી તરીકે કુમારીલ અને ધર્મકીર્તિ મીમાંસાકાર તરીકે અને અલબત્ત શંકરાચાર્ય અને મંડનમિશ્ર પ્રખર અદ્વૈત વેદાંતી તરીકે ઉભર્યા.

તે જમાનામાં તેમનું લોજીકલ ચિંતન જગતમાં શ્રેષ્ઠ હતું તેનો ઇન્કાર થઈ ના શકે.

આ એબસ્ટ્રક્ટ (અમૂર્ત) થીંકીંગમાંથી વિજ્ઞાન ઉભું થઈ ના શક્યું. માત્ર લોજીકલ થીકીંગ એ વિજ્ઞાન નથી પરંતુ અનુભવજન્ય પ્રત્યક્ષ જ્ઞાન પર લોજીકલ (તથા ઇન્ફરન્સ) પધ્ધતિનો ઉપયોગ અને સ્ફૂરણ વિજ્ઞાન ઉભું કરે છે તે ભારતને મોડું સમાજાયું.

હજીપણ પુરું સમજાયું હોય એમ કહી શકાય નહીં. કારણ કે જાદુયુગમાં જે ચાલતું હતું તે આજે પણ ચાલે છે! આવા કઈક પ્રવીણ ખોના કે પ્રવીણ ડાઘા કે પ્રવીણ લોડાયા લખે, કોઇને જરા પણ ફરક પડવાનો નથી.. કોઈને વિચાર કરવાની ફુરસદ નથી.. કોઈ પણ પ્રવીણોની પ્રવીણતા કામ આવે એમ નથી!

આપણે અધ્યાત્મ જીવનમાં મૂળ સમ્યગ સાધના અને સાધ્ય ભુલી ગયા છીએ અને સાધનને પકડી રાખ્યું છે.

ભલે ભારતમાં આધ્યાત્મિક થીંકિંગ ખીલ્યું જ્યારે ૧૫મી સદી અને તે પછી પશ્ચિમે વિજ્ઞાન ખીલવ્યું, પણ પશ્ચિમના વિજ્ઞાનમાંથી ઉત્પન્ન થયેલી બધી વસ્તુઓનો ભરપૂર ઉપયોગ કરીને પણ આપણે અંધકાર યુગમાં જ જીવીએ છીએ એવું લાગે છે.


શુભેચ્છા સહ....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

(રંગપુર-કોઇમ્બતુર)

## TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**
**M/s. Damji Bhimji Co.,** Station Road,
Chalisgaon- MH. 424101.

### INTERESTING ANECDOTES

His name is Ram Prakash Sharma. He is a grand old man aged ninety. He has his small shop near the entrance of a girl's Higher secondary school at Nalkanta in Chattisgarh State. Having run this shop for thirty years, Ram Prakash has become very much a part of this school. The girls respect him as " Dadaji". He is full of affection for all of them and blesses them ardently as and when they address him lovingly as if he were a part and parcel of their families. Ram Prakash was once a follower of Gandhiji and had taken part in the freedom movement started by bapu in 1942. for his active role in the civil disobedience movement he was confined to imprisonment For several years and had served a sentence in cellular jail of port Blair. After India won her freedom in 1947 Ram Prakash was granted the status of a freedom fighter and began to receive a fixed amount as pension each month as his sustenance.

But Ram Prakash was not a man to eat without labour. He was now 60 years of age and as such he could not expect a job in an office or a factory. Moreover, he was not very strong of limbs and resistance. As such he thought of this work. He had a daughter who had studied in Nalkanta school and after her wedding was living in a small town of Uttaranchal state. He had loved his daughter most arrestingly and was feeling very lonely after her departure to her native place. He wished to sustain a relationship with the girls and the school was at a stone's throw from his house. He called upon the principal Mrs Ray and discussed his plan . She welcomed the proposal. From the next day , he was at his post doling out toffees, choclates and bananas and oranges to girls who stared greeting him when they crossed towards the school precincts and thronged his shop during the recess period `. Ram Ram Dadaji `. Was often heard. He responded, `Ram Ram beti, may `God bless you' . He gave them useful tips about exams and helped them solve tough sums and problems. The principal asked him to take a class of moral science and being well versed in our ancients scriptures, the girls felt fascinated by his lectures and their love and regards for Dadaji grew by leaps and bounds. I have heard about this angelic soul's latest decision. He has drawn up a will in which he has bequeathed his entire savings, his house and a piece of agricultural land to the girl's school which in his words, "kept him in high spits for thirty long years.'

### PROVERBS ARE LAMPS TO LIFE

There is no worse robber than a bad book.

We are as liable to be corrupted by books, as by companions.

A man is not as old as long as he is seeking something.

### AMAZING FACTS

The Australian Dingo is a dog with no bark.

**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia),
Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

Human beings sleep for 8 hours a day, cats sleep for 16 hours per day.

The Egyptians worshipped the cat. It was called Myco, which pronounces like miaow. Killing the cat was a crime punishable by death. When a household cat died, its owner shaved his eyebrow as a sign of grief.

Many cat cemeteries have been found containing mummified cats and mummified mice in Egypt.

### AMAZING FIGURES

The world trade centre of New York, USA, which was completely destroyed by Al Qaeda terrorists on 9/11/2001, could accommodate 50,000 people and it was comprised of 7 buildings. It was 412 m high and had 1,114,8000 sq mts of floor space in 110 floors.

Angel falls, the world's highest waterfall is in Venezuela. Water falls from a height of 972 m which is more than three times the height of the Eiffel tower in Paris

The world's largest car park is in Edmonton, Alberta, Canada, which holds 20,000 vehicles with an adjoining overflow capacity of another 10,000.

### THINK OVER IT

Take time to think-it is the source of power.

Take time to play- it is the secret of youth.

Take time to read-it is the foundation of wisdom

Take time to love and be loved-it is a God given privilege.

### ભુલસુધાર

પ્ર.સ.અંક ૪૭માં ચિ. ભાવિન અને ચિ.કિંજલની સગપણ નોંધમાં શરતચુકથી કિંજલ લહેરચંદ લોડાયા છપાયું છે જે સુધારીને કિંજલ **સુશીલ** લહેરચંદ લોડાયા વાંચવું.

પ્ર.સ.અંક ૪૭માં જીવનચક્રમાં આંતરજ્ઞાતિય સગપણ નોંધમાં ચિ. વરુણ અને પુજાના સગપણમાં શરતચુકથી વરૂણ મુલજી લોડાયા છપાયું છે જે સુધારીને વરૂણ **મુકેશ** મુલજી લોડાયા વાંચવું.

Take time to be friendly- it is the road to happiness.

Take time to laugh-it is the music for the soul

### WORD POWER

This week's winner is YOGITA BIPIN GOSAR FROM KARANJA' For her 1469 words. Congratulations and keep it up. This week's word is `God given privilege'. Make as many words as possible and sent to MRS NEELAM DALESH MOMAYA. Time limit 20 days. Result will be declared in the third week.

### BY THE BYE

He who knows not and knows not that he knows not is a fool, shun him. He who knows not and knows that he knows not is simple, teach him. He who knows, and knows not that he knows, is asleep, wake him. He who knows and knows that he knows is wise. follow him.

Wishing all of you a very Happy and Prosperous New Year. May all your dreams and ambitions come true.


## દંડ પરિવાર – સાંધવ

જય જિનેન્દ્ર સાથે જાણ કરવામાં આવે છે કે સાંધવ ગામમાં વિરમ નાગશીની જગ્યામાં બીરાજમાન શ્રી દંડ પરિવારની કુળદેવી **દેશરમા** તથા શ્રી **દાદા ભલારા** અને અન્ય દેવ-દેવીઓના મંદિરનો જીર્ણોધ્ધાર તથા પુનઃ પ્રતિષ્ઠા કરાવવા માટે **રવિવાર તા.૨-૧૨-૨૦૧૨**ના સાંજે ૫.૦૦ થી ૭.૦૦ જનરલ મિટીંગ રાખેલ છે.

**-: સ્થળ :-**

**મેપાણી હોલ, દેવપુંજ, કસ્તુરબા ક્રોસ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.**

તો દેશરમા તથા શ્રી દાદા ભલારાને નમતા સર્વે ભાવિકોને પધારવા નમ્ર વિનંતી છે.

**-: નિમંત્રક :-**

**સમસ્ત દંડ પરિવાર વતી**



**દિનેશ વિશનજી દંડ**

**શામજી નરશી દંડ**

**મહેશ હંસરાજ દંડ**



# કલ્પવૃક્ષ યોજના - ગેરસમજ


## દક્ષિણ ભારત કચ્છી દશા ઓશવાલ જૈન એકમ

કચ્છી ભવન, ૪૪બી, ૧લો મેઇન રોડ, મીની ફોરેસ્ટની સામે, જે.પી.નગર, ૩જો ફેઝ, બેનારગટ્ટા રોડ, બેંગલોર-૫૬૦૦૭૮ ફોન: (080) 26586799 ફેક્સ: (080) 26586798
E-mail dbkdo.jainekkam@yahoo.in Cell-09886106912-જયચંદભાઈ


બધા જ કલ્પવૃક્ષ રોકાણકારોને અગાઉ વારવાર સૂચીત કર્યા મુજબ કલ્પવૃક્ષ યોજનામાં એકમ ફક્ત મધ્યસ્થી (co-ordinator)નો ભાગ ભજવેલ છે. પ્લાન્ટર્સ અને ડેવલ્પર્સ "બોન પ્લાન્ટેશન એન્ડ એક્ષપોર્ટ લીમીટેડ-કોચીનની પ્લાન્ટેશનની યોજનામાં વિશાળ જનસમુદાયનાં હિતનાં એકમાત્ર ઉદ્દેશથી એકમની તે સમયની સમિતિએ તેમની સાથે વાટાઘાટો કરી બહુજ ઓછા દરે વૃક્ષોની કિંમત વગેરે નક્કી કરી જોડાવવાનું કરેલ. વૃક્ષો ઉગાડવાની, તેની માતજત રાખવાની વગેરે સંપૂર્ણ જવાબદારી પ્લાન્ટર્સ-બોન પ્લાન્ટેશન એન્ડ એક્ષપોર્ટ લીમીટેડની જ હતી પણ કુદરતનાં વિપરીત પરિમાણોને લીધે વૃક્ષો નિષ્ફળ જતાં યોજના પડી ભાંગી, ૪૧૫૭૦ વૃક્ષ-રોકાણકારો પાસેથી આવેલ કુલ રકમ ₹૧૮૨.૯૧ લાખમાંથી પ્લાન્ટશનને ₹૧૭૦.૪૪ લાખ ચુકવ્યા છે. ₹૧૨.૪૭ લાખની રકમ વૃક્ષદીઠ ₹૩૦/-ના લેખે એકમને ડોનેશન તરીકે રોકાણકારો તરફથી મળેલ. જેમાંથી કમીશન, પોસ્ટેજ, પ્રીન્ટીંગ, મોમેન્ટો વગેરે ખર્ચા બાદ થતાં એકમને માત્ર ₹૫ થી ૬ લાખ અંદાજે રકમ મળેલ છે. કલ્પવૃક્ષના રોકાણકારોમાંથી આપણી જ્ઞાતિનાં ૪૦૭૧ જણાં, ૨૩૦૦૦ વૃક્ષો (૫૫%)નું ₹૯૪.૮૯ લાખનું રોકાણ તથા અન્ય જ્ઞાતિનાં ૩૦૨૧ જણાં, ૧૮૫૭૦ વૃક્ષો (૪૫%)ના ₹૭૫.૫૫ લાખનું રોકાણ હતું. એ સમયે ભારતભરમાં લગભગ ૫૭૪ કંપનીઓ આવી યોજનાઓ લાવેલ, જેમાં બોન પ્લાન્ટેશન એન્ડ એક્ષપોર્ટ લીમીટેડ પણ એક હતી અને અમારી માહિતી મુજબ અત્યારસુધી આમાંની કોઈ પણ કંપની સફળતાને વરેલ નથી. વૃક્ષોની પ્રગતિમાં આવેલ અડચણોમાં,

**(૧) ભૂમી ધાર્યા મુજબ માફક ન આવવી**
**(૨) સતત ત્રણ વર્ષ દુષ્કાળ જેવી પરિસ્થિતિ**
**(૩) ઓસ્ટ્રેલીયન મૂળનાં વૃક્ષોને હવામાન માફક ન આવવું**
**(૪) વન્ય પ્રાણીઓ ઉંદર-ઉધઈનો ત્રાસ**
**(૫) મૂળીયા (Root wrot) નો રોગ વગેરે મુખ્યત્વે કારણરૂપ બન્યા**

બધા રોકાણકારોને આપેલ સર્ટીફીકેટની સંપૂર્ણ વિગત વાંચી જવા ફરીથી અનુરોધ કરવામાં આવે છે. એકમ રોકાણકારોને ઓછામાં ઓછી તેઓએ રોકેલ વૃક્ષની રકમ બોન પ્લાન્ટેશન એન્ડ એક્ષપોર્ટ લીમીટેડવાળા પાસેથી મેળવી અપાવવાનાં પ્રયત્નો કરશે જ. અમુક વિઘ્નસંતોષી વ્યક્તીઓ ખોટી રજૂઆત કરી રોકાણકારોને ભડકાવી રહ્યા છે અને એકમ તથા તેના પદાધિકારીઓને બદનામ કરી રહ્યા છે. આ યોજનાના બારામાં કોઈ પણ જાતની માહિતી માટે એકમની ઓફીસનો ડાયરેક્ટ સંપર્ક કરવા નમ્ર વિનંતી.

**લી. દક્ષિણ ભારત કચ્છી દશા ઓશવાલ જૈન એકમ વતી**

**શ્રી ખુશાલચંદ ધનજી ધરમશી (પ્રમુખ)**

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

# મહાકાલીમાનું સમુહ પુજન

દીપાવલીના દીવડાઓની ઝળહળતી તેજસ્વી જ્યોતની જેમ આપનું જીવન તેજસ્વી બને અને એ દીવડાઓની જ્યોત હંમેશા પ્રસરતી રહે અને આપ જીવનના દરેક ક્ષેત્રમાં યશસ્વી બનો એવી શુભ મંગલ કામના. નૂતન વરસે સુખ, શાંતિ, સમૃધ્ધિ પામો એવી દાદા અનંતનાથને પ્રાર્થના...

શ્રી મહાકાલી માતાજી ભક્તોના પુણ્યોદય પ્રમાણે મનોવાંચ્છિત પૂર્ણ કરવામાં સહાયતા કરવારૂપ સાધર્મિક ભક્તિ કરવાથી પરમાત્મા અને માતાજીના પ્રભાવમાં દિન પ્રતિદિને અભિવૃધ્ધિ થતી પ્રત્યક્ષ અનુભવાઈ રહી છે. સમ્યગ દૃષ્ટિ દેવ-દેવીની પાસે સમાધિની માંગણી પણ કરવામાં આવે છે. કારણ કે તેઓ અચિંત્ય શક્તિ સંપન્ન હોવાથી એકાગ્રચિતે પ્રસન્નતાપૂર્વક પ્રાર્થના કરનારા સાધર્મિકોના વિઘ્નો, ઉપદ્રવો, સંકટો, આપત્તિઓ અને અશાંતિ આદિ માતાજી પોતાના અચિંત્ય દિવ્ય પ્રભાવે દૂર કરવા સહાયક બને છે. તેના કારણે પ્રભુનો, પરમાત્માનો, માતાજીનો અચિંત્ય પ્રભાવ અપરંપાર છે. એવી આત્મપ્રતીતિ ભક્તવર્ગમાં પ્રતિદિન અભિવૃધ્ધિ થવા પામી છે.

આપણે શાંત સ્વરૂપથી પાચમાં સુમતિનાથની દેવી લક્ષ્મીસ્વરૂપા ભક્ત વત્સલા, જગતજનની, કમળ પર બિરાજતી શાંતરીતે ભક્તોની મનોકામના પૂરક શાંતિદાતા શ્રી મહાકાલી માતાજીની આરાધના શ્રધ્ધાથી ભક્તિથી આરાધના કરો. તેઓ જાગૃત હોય છે. તેથી જ ભક્તને-સાધકને મોક્ષ સુધી જવા સહાયક બને છે.

મુંબઈ જેવી નગરીમાં એકજ સ્થળે બધા સમુહ આરાધના કરી શકે તેવા શુભ સંકેતથી આપ બધા ભાવિકોના સહિયારા સહયોગથી આજ ૧૭ વરસથી ઉછળતે ભાવે, ઉમંગે ઉજવાણી-ભક્તિ કરી શકાય છે. એ છે જાગતો માનો પ્રભાવ.

સં.૨૦૫૨ આસો સુદ ૨ રવિવાર તા.૧૩-૧૦-૧૯૯૬ ધર્મનગરી મુંબઈ વધુ ભાવિક રહેતા એવા મુલુન્ડ સ્થાને શરૂઆત થયેલ. પ્રતાપશેઠના માર્ગદર્શને વાસુપૂજ્ય દેરાસરજીથી ચાંદીના રથમાં મહાકાલી મૂર્તિ પધરાવી ઢોલ શરણાઈ પખાવાજ ઘડી સાથે સવારે ૭ કલાકે ૭૦૦થી ૧૦૦૦ ભાઈ-બહેનો માના જયજયકારથી દબદબાથી શોભાયાત્રા સારસ્વતવાડી આવી. પોખણાં બાદ શણગારેલ મંદિરે માને બિરાજમાન કરી ૩ થી ૩॥ કલાક માતાજી પૂજન દશવિધ પૂજા સંગીતથી થયેલ જે આજ પણ તે રીતે ચાલુ છે. બાદ આરતી દર્શન અને વધુ ભાવિકો આવી શકે તેથી ૨ થી ૨॥ વાગ્યા સુધી લાભ લઈ શકે છે. પૂજન-ભક્તિ-આરતી આપ કોઈ પણ વરસની D.V.D. યા C.D. જોઈ ઉત્સવની શરૂઆત પૂજનથી થાય છે. પછી જમણ (પહેડી) થવા પામે છે. પ્રથમ વરસમાં આપ મુલુન્ડ તે સિવાયના સ્થળોથી પધારી રસ્તાપર લાંબી લાઈન થવા છતાં ૫-૨૫ મીનીટ શ્રધ્ધાથી શિસ્તબધ રીતે મા પ્રત્યે જ્ઞાતિની ગરિમા સાથે નવા પ્રયાસને સુંદર સહકાર આપેલ. આપ સૌ માના ભાવિકોને ખૂબ ખૂબ શુભેચ્છા. કોઈ અંદાજ વિના રસોડા કેટરીંગ માટે શ્રી મણીકાન્તભાઈની દેખરેખ, પ્રતાપ કેટરર્સ જાણે અક્ષયપાત્ર! હજારો ભાવિકો દર્શન પ્રસાદ લેવા છતાં કોઈ ઊણપ ન જણાઈ. તેવા મુલુન્ડના સ્વયંસેવકોની મુક સેવા માટે ખુબ ખુબ આશીર્વાદ. શ્રી કિશોર મનરાજા, હંસકુમાર, મુકેશ જેવા માના ભક્તિગીતોની માનદસેવા મહાઉત્સવને જીવંત બનાવી, આવનારા ધન્ય બની ગયા. આ માની કૃપા મુલુન્ડના મુક સેવાભાવી કાયકર્તાની સુઝબુઝ ધગશ અને સતત હાજરીથી સફળતા મળી.

મહાપૂજનમાં ૧૦મા વરસમાં ગચ્છાધિપતિ તપસ્વીરત્ન આચાર્યશ્રી ગુણોદયસાગરસૂરિ મ.સા. શિષ્યો સાથે પધારેલ પાચમાં અને બારમાં ઉત્સવમાં વ્યાખ્યાતા મુનિ દેવરત્નસાગરજી મ.સા. પધારેલ, ૯માં વરસમાં મુનિ પુણ્યોદસાગરજી મ.સા. પધારેલ. ૬ઠા વરસમાં પૂજ્ય સાધ્વીશ્રી જયલક્ષ્મી મ.સા., પૂ. સાધ્વીશ્રી જયદર્શિતા મ.સાહેબ તે સિવાય દર વરસે જે તે સ્થાને ચાતુર્માસ રહેતા પૂજ્ય સાધુ-સાધ્વીશ્રી ભગવંતો પધારી આશીર્વચન આપે છે. આ પૂજન ઉત્સવ અંધશ્રધ્ધા કે મિથ્યાત્વને પોષણ પ્રવૃતિ હોય તો જ્ઞાની પૂજ્યોની હાજરી ન થઈ શકે. હજારો ભાવિકો દર્શને આવે છે. તેઓ ભક્તિભાવથી અને શ્રધ્ધાથી આવે છે. પ્રથમ ૩ થી ૩॥ કલાક માતાજી પૂજન બાદ આરતી અને તે પછી દર્શન, જમણ જે બધા સમાજના ભાવિકો આવે છે. પ્રસાદ લઈ શકે સાધર્મિક ભક્તિ શબ્દ મર્યાદિત થાય આ ઉત્સવમાં જ્ઞાતિજન સિવાય વીશા-મારવાડી-ગુજરાતી અન્ય જૈનેતર ભાવિકો ગુરૂભક્તો આવે છે. તેથી ચાલુમાં પ્રચલિત શબ્દ પહેડી એટલે જમણ વપરાય છે. ઠીક છે, શબ્દ પકડીને ઉહાપોહ કરવો જુદી વાત છે ૧ થી ૧૭ વરસ આવતા ભાવિકોથી અથવા D.V.D કે C.D. થી સારાસારને જાણી શકશો શ્રધ્ધા-અંધશ્રધ્ધાના સત્યને સમજી શકશો. અમારી ભાવના માના આદેશ દાદા અનંતનાથ, મા મહાકાલી ગાદીના સ્થાને આપે બિરાજિત કરતા ગચ્છના દેવીની ગરિમા વધે તે ભાવનાથી મુંબઈમાં ઉજવાતા ઉત્સવમાં મહાપૂજનમાં વિવિધ સ્થાનો, બહારગામ, દેશાવર, કચ્છ, મુંબઈ બધા સ્થાનો સમાજો તેમના અગ્રણીઓ, મહાજનો-ટ્રસ્ટો તેના પદાધિકારીઓ ખાસ પધારી દાતા પરિવારો ભાવિકોના સહયોગથી પ્રસંગની ગરિમા વધારે છે. જાણે સ્વયં પોતાનો પ્રસંગ હોય તે રીતે શિસ્તબધ્ધ રહી દર્શન-વંદન-પૂજન-પહેડી (જમણ) પ્રસાદમાં

સુંદર સહકાર આપતા ભાવિકોને ખાસ શુભેચ્છા. મા પ્રત્યેનો અહોભાવ-ભાવિકોની દિલાવરીને વંદન, આપના થકી પ્રસંગ શાંતિથી થવા પામે છે. મહાઉત્સવ પૂર્ણ થયે ૫ થઈ ૧૫ દિવસ સુધીમાં **ઉત્સવનો** હિસાબ જાણકારી યતિશ્રીથી મુંબઈથી જાણી શકશો. જેથી આપ પણ ઉપયોગી થઈ લાભ લઈ શકશો.

| | |
|---|---|
| ૧ થી ૫ વરસ મુલુન્ડ - પ્રતાપ કેટરર્સ | ૬ઠ્ઠું વરસ-ચીંચબંદર રત્ના કેટરર્સ |
| ૮મું વરસ માટુંગા ક્લાસીક કેટરર્સ | ૭-૯-૧૨-૧૩-૧૪-૧૫-૧૭મું ઘાટકોપર ક્લાસીક કેટરર્સ |
| ૧૦મું વરસ મુલુન્ડ કાલીદાસ કીંગ કેટરર્સ | ૧૧મું વરસ કાલીદાસ ચેતક કેટરર્સ |
| ૧૬મું વરસ ઘાટકોપર કચ્છી કેટરર્સ | ૧૮મું વરસ પ્રતાપ કેટરર્સ |

દર વરસના દાતાઓની યાદી ભક્તિગંગા ભાવના પુસ્તકથી જાણી શકશો.

એમાં કેટરર્સ-ડેકોરેશન-વાડી-સંગીતકાર વગેરે લેવડદેવડ દાતા સ્વયં કરતા હોય છે.

પૂજન સામગ્રી ફળ-મીઠાઈ-ફુલ-ચુંદડી અલંકાર દર્શનાર્થીને અપાતા ફુલ, બુકે દાતા પરિવારો દેવ-દેવી ઉપાસકો ભુવા અગ્રણી મહાનુભાવોના સન્માન, મુંબઈ દેરાસરજીથી મંદિરે દેરાસરમાં સાધારણમાં ભેટ, સ્ટાફ, વોચમેન, વાડી સફાઈ, કામવાળાને બક્ષીસ, મંદિર યાને દાનપત્ર-ભંડારથી ખર્ચ થાય છે. આપને ઉત્સવમાં સહભાગી થઈ લાભ લઈ શકો તેથી જે તે રીતે ખર્ચ કરાય છે.

આપ બધાને સતત જાણકારી મલતી રહે તેથી જ્ઞાતિપત્રમાં આખા વરસમાં ૨૨ વખત ૧/૨ પેજ ૫ કે ૪ વખત આખું પેજ (૩૩+૨૭ હજાર) "પ્રકાશ-સમીક્ષા" જા.ખ. અપાયા. વીશા પત્રિકામાં ૧૪ વખતના ૩ હજાર, પાંજો પ્રતિબિમ્બ ૩ વખત ૧/૨ પેજ (પૈસા લીધા નથી). જેતે મંદિરથી ખર્ચ અપાય છે. દાતા પાસે લેવાતા નથી હમણાં ઉત્સવબાદ રંગીન ફોટાનું વલણ થયેલ છે જે ખર્ચ વિશેષ હોઈ અમારાથી અપાતા નથી. ક્ષમા કરશો. આલબમ/CD થી જોઈ લેશો.

૩જા અને ૬ઠા વરસમાં ઓડીયો કેસેટ C.D. ભાવના પધ્ધતિથી ગીતો સ્ટુડિયોમાં શ્રી કિશોર મનરાજા, હંસકુમાર મૈશેરીના માર્ગદર્શને તૈયાર થયેલ દરેકના અડધા-અડધા થયેલ, બે વખત ભાવના પુસ્તક છપાયેલ જેના કાગળના પૈસા અપાયેલ. આમંત્રણ પત્રિકા લકી પ્રેસ સૌજન્યથી આપે છે. ૯-૧૧-૧૫માં વરસમાં માતાજીના મોમેન્ટો અનંતનાથે અખંડજ્યોત કલ્પસાથે ૧૬ વરસે ૧૪ વરસના ગીતોની C.D., ૧૭ વરસે નવગ્રહપૂજન યંત્ર ફોટા ઉપરાંત માતાજીના નાના-મોટા ફોટા વિજયયંત્ર આપ બધાના સહકારથી ૧૭ વરસ સુધીમાં અપાયેલ છે.

૧૭માં વરસમાં જીવદયા પેટીમાં ૭૮૬ રૂપિયા આવેલ તે પહેલા કચ્છમાં વરસ નબળો હોઈ ભુજપુર મતીયા દેવસ્થાને જુવાર બાચકો, સુથરી ભલારા દેવાલયે ૧૦૦૦ રોકડા, ભુજપુર બે અવાડા નવા રીપેરીંગ, ઘાસની અડધી ગાડી રૂા.૩૦,૦૦૦ આપ બધાના સહકારથી ફુલ પાંખડી થઈ શકે છે.

કોઈપણ ઉત્સવ પૂરા થયે ૫ થી ૧૫ દિવસમાં કોઈ પણ ભાવિક યતિશ્રી પાસે મુંબઈ હિસાબ જોઈ શકો છો જેથી આપ પણ મંદિર માટે ઉપયોગી થઈ શકશો. જાગૃતિ માટે આભાર.

માતાજીના મહાપૂજન ઉત્સવમાં સહયોગ આપનાર જ્ઞાતિજનો ભાવિકોને આમંત્રણ પત્રિકા ઘરે આપવી આ ભાવનાથી ચેમ્બુર-ઘાટકોપર-માટુંગા-સાંતાક્રુઝ-જુહુ-ભાંડુપ-મુલુન્ડ જતા હતા. સમજ/ગેરસમજ જે હોય તે જાણવા મુજબ પત્રિકા સાથે ફાળા માટે જાય છે. આ કારણથી આમંત્રણ ટપાલ-કુરીયર-આંગડીયાથી ૪ વરસથી મોકલીએ છીએ જેથી ભાવિકોને, મહાનુભાવોને, સમજુ ભાવિકો અમારી ઇચ્છા ભાવના ન આવવા કારણ માટે મિચ્છામિદુક્કડમ્. આપ માના દર્શને અવશ્ય પધારશો.

દિલેર દાતાઓને આમંત્રણ - શુભેચ્છા. ૧૮મું વરસ તા.૬-૧૦-૨૦૧૩ આસો સુદ ૨ રવિવાર માતુશ્રી ચંપાબાઈ હંસરાજ ડાઘા પરિવાર હ. શ્રી હીરાલાલ ડાઘા અંબા શીપીંગ એજન્સી (માટુંગા-મુંબઈ-વરાડીયા)

૧૯મું વરસ તા.૨૮-૯-૨૦૧૪, ૨૦મું વરસ તા.૧૮-૧૦-૨૦૧૫ના ભાવના બતાવેલ ભાવિકોને શુભેચ્છા ઉત્સવે નામ જાહેર થશે.

વસંતપંચમી મહા સુદ ૫ શુક્રવાર તા.૧૫-૨-૨૦૧૩ના પાવાગઢ સ્થાને પૂજ્ય યતિશ્રીનો જન્મોત્સવ ગુરૂ વંદનાથી ઉજવાશે. પાવાગઢ દેરાસરજીમાં ધર્મશામાં રહેવા જમવા સગવડ રહેશે.)

માની ભક્તિ સર્વત્ર વિસ્તરવા પામી છે. આથી જ દર વરસે ભાવિકો સહાયક બનતા રહે છે. આ મહાપૂજા ઉત્સવ ભાવિકોની શાંતિ તુષ્ટિ પુષ્ટિ વિશ્વશાંતિની ભાવનાથી નવરાત્રિના સમુહમાં ઉજવાય છે. સૌ પર અનંતનાથ દાદા, મા મહાકાલી, શ્રીપૂજ ગાદીની અસીમ કૃપા-આશીર્વાદ રહો એજ મંગલકામના.

**યતિ મોતીસાગરજી શ્રીજી મહારાજ મિચ્છામિદુક્કડમ્**

## આરોગ્ય-પ્રકાશ : ચાલો, કુદરત તરફ વળીએ... - ડૉ. વીરચંદ લખમશી નાગડા (મુલુન્ડ)

આપણાં વડીલો આપણાં કરતાં કુદરતની વધુ નજીક હતા; તેઓ કુદરતી, તંદુરસ્ત જીવન જીવ્યા. બી.પી., ડાયાબીટીઝ, સંધીવા, હૃદયરોગ, થાઈરોઈડ જે આજે નાની વયમાં લાગુ પડવા લાગી છે તેનાથી વડીલો મુક્ત હતા. મારા દાદીમાં ૯૯ વર્ષની વયે સ્વર્ગવાસી થયા ત્યારે પણ તેમને બી.પી., હૃદયરોગ, ડાયાબીટીઝ જેવી કોઈ જ બિમારી ન હોતી. તેજ રીતે તમે પણ ઘણાને ગર્વથી કહેતાં સાંભળ્યા હશે કે મારા દાદા-દાદીએ કદી પણ દવા ખાધી નહોતી. પ્રશ્ન ઉદ્‌ભવે છે કે આમ કેમ?

દિવસે દિવસે જીવન પધ્ધતિ બદલાતી જાય છે, આચાર-વિચાર બદલાયા છે, મનની ભાવના બદલાઈ છે. ખાનપાન બદલાયા છે. ખોરાક સાત્વિક નથી, હવા-પાણી શુધ્ધ નથી તો પછી શરીર તંદુરસ્ત કઈ રીતે રહી શકે?

રાતે વહેલા સુઈ, વહેલા ઉઠવાની રીત તો ભુલાઈ જ ગઈ છે. દિવસભર જે શાંતિમય દિનચર્યા રહેતી ત્યાં દોડધામ અને જીવનના દરેક ક્ષેત્રે ઝડપથી પ્રગતિ કરવાની લાલસા વધી ગઈ છે. બાળકને કુમળી વયથી ઝડપથી અને વધુમાં વધુ શીખવાનો આગ્રહ રખાય છે. જીંદગીની દોડમાં રેસના ઘોડાની જેમ નાની વયથી જ એને મૂકી દેવાય છે. શિક્ષણ, સ્કોલરશીપ, રમતગમત, સંગીત, ડાંસ જેવા અનેક ક્ષેત્રે ઝડપથી આગળ વધવાની દોડમાં અગર બિમાર પડ્યા તો સાજા થવાની પણ ઉતાવળ, વાયરલ તાવમાં એન્ટીબાયોટીક્સની જરૂર પણ નથી છતાં અપાય, ઈન્ફેક્શન હોય ત્યારે ક્યારેક ડબલ એન્ટીબાયોટીક્સનો મારો કરવામાં આવે છે. જરૂર વગરની દવાથી શરીરને નુકશાન થાય છે. નવી નવી દવાઓ શોધાય છે પણ બેક્ટેરીયા પોતાને બદલી લે છે અને રામબાણ દવા પણ પછી નકામી બનતી જાય છે. હાલમાં ટી.બી. ન્યુમોનિયા, ટાઈફોઈડની અત્યાર સુધી અપાતી દવાઓ અમુક પેશન્ટોમાં જંતુઓ પર અસર કરતી નથી.

આપણા વડીલો મહેનતના કામ કરતાં અને કોઈ ગાદી તકીયે બેસીને કામ કરતાં તોય માઈલો ચાલતા આજે દરેક કામ મશીન, રીમોટ, બટનથી થાય છે. મહેનતનું કામ હોય તે નોકરો પાસે કરાવીએ છીએ. સમય બચાવવા જ નહીં, દેખાવ-રૂઆબ માટે પણ વાહનનો ઉપયોગ થાય છે. ચાલવાનું તો નહીવત છે. વાહન વધ્યા તેને લીધે હવામાં અશુધ્ધિ વધી અને તેના પરિણામે ફેફસાંના રોગ, હાર્ટએટેક, કેન્સરનું પ્રમાણ પણ વધ્યું છે. બળતણ અને કાગળ માટે જંગલોનો નાશ થઈ રહ્યો છે જેથી વાતાવરણનું શુધ્ધિકરણ પણ ઘટતું જાય છે. કારખાના અને મશીનરી વધતાં હવા વધુ પ્રદુષિત થઈ રહી છે. ગ્લોબલ વોર્મિંગના પરિણામે હવામાં સુક્ષ્મ જીવાણું વધી રહ્યા છે. સ્વાઈન ફ્લુ, લેપ્ટોસ્પાઈરોસીસ, ડેન્ગ્યુ, સુપરબગ્સ ઉત્પન્ન થઈ રહ્યા છે. જર્મનીમાં ખૂબ જ ઝેરી જાતના ઈ-કોલાઈના કેસ થોડા વખત પહેલા દેખાયા છે. અતિ ગરમી ૫ વર્ષથી નીચેના અને ૭૦ વર્ષથી ઉપરના માટે ઘાતક નીવડી શકે છે. એઈડસ દુનિયા ફરતે ભરડો લઈ રહ્યો છે. સ્વચ્છતા રાખીએ જેથી મચ્છર, બેક્ટેરીયા ન વધે. નજીક જવું હોય તો વાહનને વદલે ચાલીને જઈએ, જેથી હવામાં પ્રદુષણ ઘટશે, ચાલવાના ફાયદા મળશે. ઝાડ કાપવાના બદલે વાવીએ.

આપણા વડીલો કુદરતી રીતે પાકેલા ફળો, શાકભાજી, અનાજ ખાતાં હતાં. આજે રાસાયણિક ખાતર વપરાય છે, જંતુનાશક દવાઓનો છંટકાવ થાય છે. અને દુધી, કોળુ, રીંગમાં, તરબુજ વગેરેના કદ અને જથ્થો વધારવા ઓક્સિટોસીનના ઈન્જેશન અપાય છે. આજ ઈન્જેક્શન વધુ દુધ મેળવવા પશુઓને અપાય છે. આવા શાકભાજી, ફળ, અનાજ, દુધ વગેરેના ઉપયોગથી લાંબેગાળે નુકશાન થાય છે. નર્વસ બ્રેકડાઉન, વંધત્વ અને ન્યુરોટીક કોમ્પ્લીકેશન થાય છે. કેરી, કેળા જેવા ફળને જલ્દી પકાવવા વપરાતુ કેલ્શીયમ કાર્બાઈડ ભેજ (પાણી)ના સંસર્ગમાં આવતા એસીટીલીન ગેસ અને થોડા પ્રમાણમાં આર્સેનીક ઉત્પન્ન કરે છે જે નર્વસ સીસ્ટમ, આંખ અને ફેફસાંને ગંભીર રીતે નુકશાન કરે છે. આપણો બાળકોને જરૂરી આહાર તરીકે દુધ આપીએ છીએ ત્યારે ઓક્સીટોસીન વાળા કે યુરીયા, સોડાવાળા નકલી દૂધ તો નથી આપી રહ્યાને એ વિચારવું જોઈએ!

કુદરતી ખુલ્લી હવામાં સુનાર માનવી 'એસી'માં સૂવા લાગ્યો છે. શુધ્ધ દુધ, છાશ, લસ્સી, વરીયાળીનું શરબત, ઠંડાઈ છોડીને કેફીન અને બીવીઓ જેવા કેમીકલ્સવાળા ઠંડા પીણા પીતો થયો છે. તાજી રસોઈને બદલે ફ્રીજમાં રાખેલ વાસી રસોઈ ખાય છે. ખિચડી, બાજરીના રોટલા જેવા પૌષ્ટિક અન્ન ભૂલી, પીઝા, બર્ગર, પાઉભાજી અને ચાયનીઝ, ફાસ્ટફુડ વગેરે ખાતો થઈ ગયો છે. પશુપક્ષી ભુખ હોય ત્યારે જ ખાઈ છે જ્યારે આજનો માનવી ભુખ હોય કે ન હોય ગમે ત્યારે ગમે તે ખાતો થઈ ગયો છે! કુદરતથી દુર જઈ સ્વાસ્થયને નુકશાન કરી રહ્યો છે.

દુનિયા દિવાનખાનામાં આવી ગઈ છે. દુનિયાના કોઈપણ ખૂણે રહેતા સ્વજનને મોબાઈલ અને ઈન્ટરનેટથી મળી શકાય છે. આમ માઈલોના અંતર ઘટ્યા છે પણ મન-દિલના અંતર વધ્યા છે. સાથે બેસી જમતાં ઘરના સદસ્યો પોતપોતાના સમયે અલગ અલગ જમે છે અને નાના

મોટા સાથે બેસી સારી ફિલ્મો કે સિરિયલ જોતાં તે હવે પોતાની પસંદ મુજબના પ્રોગ્રામ પોતપોતાની રૂમમાં જોવા લાગ્યા છે. બાળકો ઈન્ટરનેટ પર ન જોવા જેવું જુએ છે. સ્વચ્છંદી બને છે. ઈ-સેક્યુરીટી ફર્મ મેકફીના સર્વે મુજબ આપણા દેશના ૪૦% બાળકો એડલ્ટ પોર્ન ઓનલાઈન પર જુએ છે. કેલિફોર્નિયા વિદ્યાપીઠના એક્સપર્ટોએ ચેતવણી આપી છે કે એસએમએસ, ઇ-મેઇલ જેવી આધુનિક ગેઝેટ્સ વાપરનારા લોકોના મગજમાં એટલા મોટા પ્રમાણમાં માહિતી એકઠી થાય છે કે તેઓ તેમના મગજમાંથી જરૂરી ન હોય એવી માહિતી કાઢી શકતા નથી. તેમની સ્મરણશક્તિ કમજોર થાય છે. મંનોરંજનની સાઈટપર જે ૭-૮ કલાક ગાળે છે, ક્યારેક અનેક વેબસાઈટ વાપરે છે તેથી મગજના વિકાર વધે છે, તેમની એકાગ્રતાથી કામ કરવાની શક્તિ ઘટે છે. મોબાઈલનો વધુ પડતો વપરાશ કેન્સર નોતરે છે. ભણતર, સંસ્કાર અને ધાર્મિક વિચારોનું રોપણ કરનાર મા સર્વિસ કરતી થઈ છે અને બાળકો પારણાઘરમાં મોટા થાય છે. તેઓ કાર્ટુન ફિલ્મો જોવામાં મસ્ત બન્યા છે. બાળકોના સર્વાંગી વિકાસપર ધ્યાન અપાય છે પરંતુ મૂળભુત સંસ્કાર, આચાર-વિચાર અને વિનય-વિવેકપર ધ્યાન આપવાના ભુલાઈ ગયા છે.

વાંચકને થશે.. આપણને શું ફરક પડે છે પણ કુદરતથી દૂર થવાથી, મશીનમય, ફાસ્ટ લાઈફને લીધે ઘરના આધારસ્તંભ કે યુવાન પુત્રને હાર્ટએટેક કે એવી કોઈ લાઈફસ્ટાઈલ ડીઝીસને લીધે ગુમાવ્યા હોય, યુવાનવયે બી.પી., ડાયાબિટીઝ, હાર્ટએટેક, લકવા, કેન્સર જેવી કોઈ બિમારી લાગુ પડી હોય એમને ફરક ખ્યાલ આવશે. આજના કેબલ કલ્ચર, ફિલ્મોની અસર હેઠળ કુટુંબની યુવાન દિકરી, સ્ત્રીઓ સાથે અઘટિત બનાવ બન્યા હોય એમને કુદરતથી દૂર થવાની કેવી કિંમત ચૂકવવી પડી તે સમજાશે. વાચકને થશે જગત પ્રગતિ કરી રહ્યું છે. મોબાઈલ, ઈન્ટરનેટ અને ગૃહઉપયોગી સાધનો અને બીજા સાધનોથી કામ ઝડપથી અને આરામથી થાય છે ત્યારે આપણે સુધારો અપનાવવો જ રહ્યો.. બાકી અનાજ, ફળ, શાકભાજી, હવા પાણી બધુ જે મળે છે તે જ વાપરવાનું છે તો શું કરીએ? હા, જે છે તેમાં જ જીવવાનું છે પણ આપણે આ ખરાબીઓ જાણી જાગૃત થઈએ અને ઉપરોક્ત વસ્તુઓ શુધ્ધ ન પામી શકીએ તોય ખરાબી અને અશુધ્ધિઓથી થોડા દૂર તો રહી શકીએ. ખાનપાનમાં સમયનું ધ્યાન રાખીએ, ગમે તે, ગમે ત્યારે ન ખાતાં તેમાં વિવેક રાખીએ, બની શકે તો સાંજે વહેલા જમી લઈએ. બજારૂ તૈયાર ચીજોથી બને એટલું દૂર રહીએ. ક્યારેક મન અને જીભને માટે ખાઈએ, બાકી રોજના "ઝંકફૂડ' ટાળો.. પાણી ઉકાળેલુ કે એક્વાગાર્ડનું લ્યો.શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવા યોગ્ય ખાનપાન, ફળો, સૂકા મેવા લઈએ. ચાલવાનું, કસરત, પ્રાણાયામ, યોગાસન કરો પૂરતી ઉંઘ લ્યો. મનને શાંત અને શરીરને ફીટ રાખી બિમારીથી દૂર રહીએ. બીમાર પડીએ ત્યારે ધીરજ ધરી વધારે ગોળી, એન્ટીબાયોટીક્સના મારાથી બચીએ. સાદી બિમારીઓમાં આયુર્વેદ અને રસોડાના મેથી, અજમો, અળશી, હળદર, મરી, સુંઠ, તજ જેવા મરીમસાલાનો યોગ્ય ઉપયોગ કરીએ. કેમીકલ ફ્રી ઓર્ગેનીક ચીજો જે થોડી મોંઘી હોય છે પણ સેહતમંદ હોય છે, સુપર માર્કેટ, હેલ્થ સ્ટોરમાં મળે છે તેનો સોયાદૂધનો ઉપયોગ કરીએ.

ટેન્શન સાથે દોડતાં આપણે આપણી જીવનપધ્ધતિ બદલીએ, હળવી સિરિયલ, હાસ્યસભર ફિલ્મો, હળવું સંગીત, ભક્તિગીતોનો શોખ કેળવી ટેન્શનથી થતી હાની રોકીએ. આજે ઘણી લકઝરી સગવડો જરૂરિયાત બની ગઈ છે તેમાં સાવધાન થઈએ. જીવનમાં "સીંપલ લીવીંગ, હાઈ થીંકીંગ અપનાવીએ અને આપણાં બાળકોને પણ એવી જીવનપધ્ધતિ તરફ વાળીએ. જીવનમાં સાદગી અને સરળતા અપનાવીએ તો ખર્ચા ઘટશે અને પૈસા તરફથની દોટના વિચિત્ર ચક્કરમાંથી બહાર આવીએ. નીતી-નિયમ અપનાવીએ. "મને કોઈ છેતરી જાય તો ચાલશે પણ હું કોઈને છેતરૂં નહી." એવી શુધ્ધ ભાવના કેળવીએ.

વૈજ્ઞાનિકોએ લોકોની જીવનપધ્ધતિ બદલાવીને પ્રયોગ કરી જોયાં તો ખબર પડી કે જીવન પધ્ધતિમાં ફેરફાર કરવામાં આવે તો મનુષ્યની તંદુરસ્તી સુધરી શકે અને વૃદ્ધાવસ્થા પણ વહેલી આવતાં રોકી શકાય છે. કુદરતથી વધુ નજીક જઈ, આપણે આપણી જીવનપધ્ધતિ બદલાવીએ અને નિરોગી રહી જીવનો સાચો આનંદ માણીએ.

માનવીના અવિચારીપણાને લીધે પૃથ્વી ફરતે ઓઝોનના પડમાં ગાબડા પડ્યા છે. તેથી સૂર્યના અલ્ટ્રાવાયોલેટ કિરણો માનવ સુધી પહોંચી શરીરને હાની પહોંચાડે છે. તાપમાનમાં વધારો થાય છે તેથી બરફ પીગળી સમુદ્રસપાટી વધી છે અને ટાપુઓ, નીચાણવાળા ભાગો સમુદ્રમાં ગરક થવા લાગ્યા છે. માણસ કુદરતથી દૂર થઈ રહ્યો છે. પોતાના વિનાશ અને પૃથ્વીના નાશ તરફ જઈ રહ્યો છે. માનવી ધારે તો ઘણુ કરી શકે છે નહીં તો પ્રગતિ સાથે સાથે પોતાને, બાળકોને અને પૃથ્વીને વિનાશ તરફ દોરી રહ્યો છે. કુદરત તરફ નહીં વળીએ તો આવનાર પેઢીઓ આપણને ક્યારેય માફ નહીં કરે! જાતને અને કુટુંબને નિરોગી રાખીએ, કુદરત તરફ વળીએ, પૃથ્વીને બચાવીએ અને આવનાર પેઢી માટે ઉજજળ ભવિષ્ય મૂકી જઈએ.

## ધર્મજ્ઞાન : પુર્યષણમાં "જન્મભૂમિ" ગ્રુપની ઇનામી જૈન પ્રીમિયર લીગ સ્પર્ધા

૧) પર્યુષણ પર્વમાં કુલ કેટલા ગ્રંથો વંચાય છે?

૨) પર્યુષણ પર્વમાં જ્ઞાનની વિશિષ્ટ પૂજા કેટલા દિવસ થાય છે?

૩) પર્યુષાણ પર્વમાં કેટલા કલ્પોનું વર્ણન આવે છે?

૪) આ અવસર્પિણીના પ્રથમ ભિક્ષાચાર ---- હતા.

૫) ૬૪ ઇન્દ્રોમાં ભવનપતિના કેટલા ઈન્દ્રો હોય છે?

૬) શિષ્યાને ખમાવતાં કયા ગુરૂને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું?

૭) નવમા ભવમાં નેમીનાથ ભગવાન શું હતા?

૮) ચંદનબાળાજીનું મૂળ નામ શું હતું?

૯) અષાઢ માસમાં સૂર્યનાં કિરણો કેટલાં હોય છે?

૧૦) કલ્પસૂત્રનું ચર્તુવિધિ સંઘ સમક્ષ વાંચન સૌ પ્રથમ વાર કથા સંઘમાં થયું હતું?

૧૧) ભગવાન મહાવીરે કેટલાં વર્ષ રાજ્ય કરીને દીક્ષા લીધી હતી?

૧૨) ગૌતમ ગૌત્રમાં કેટલા ભગવાન થયા હતા?

૧૩) સુધર્માસ્વામી પ્રભુ વીરના નિર્વાણ પછી કેટલાં વર્ષે મોક્ષમાં ગયા?

૧૪) ક્યા ગામના ઉદ્યાનમાં પ્રભુને લોકાવધિજ્ઞાન થયું?

૧૫) મોક્ષ છે કે નહીં-એ સંશય કોને હતો?

૧૬) ગર્ભનું પાલન કરવાની રીતિ કલ્પસૂત્રના ક્યા વ્યાખ્યાનમાં આવે છે?

૧૭) ઋષભદેવ કોના આગ્રહથી લટનો લોચ ન કર્યો?

૧૮)સુધર્માસ્વામીનો કેવલી પર્યાય કેટલાં વર્ષનો હતો?

૧૯) નેમીનાથ ભગવાનથી કેટલી પાટ સુધી મોક્ષમાર્ગ ચાલુ રહ્યો?

૨૦) એક આચાર્યના પરિવારને શું કહેવાય?

૨૧) પ્રભુ મહાવીરના દેવ તરીકેના ભવ કેટલા હતા?

૨૨) પર્યુષાણના પહેલા ત્રણ દિવસ કયા ગ્રંથનાં વ્યાખ્યાનો સાંભળવાનાં હોય છે?

૨૩) પર્યુષાણમાં-ચોવીસ ભગવાનનાં જીવનચરિત્રો સાંભળવાનાં હોય છે?

૨૪) મહાવિદેહ ક્ષેત્રના સાધુઓને કેટલાં મહાવ્રત હોય છે?

૨૫) ભગવાન મહાવીર પર કેવળજ્ઞાન બાદ કોણે ઉપસર્ગ કર્યો હતો?

૨૬) પર્યુષાણમાં અઠ્ઠાઈઘરમાં શું કરવાનું છે?

૨૭) કલ્પસૂત્રનું નવમું વ્યાખ્યાન ક્યા નામે પ્રસિદ્ધ છે?

૨૮) કલ્પસૂત્રનું પ્રથમ વ્યાખ્યાન કયા પદના વર્ણનથી પૂર્ણ થાય છે?

૨૯) પ્રભુ વીર કોના ધર્મરથના સારથિ બન્યા હતા?

૩૦) સ્વપ્ન શાસ્ત્રોમાં કુલ કેટલાં સ્વપનોનું વર્ણન આવે છે?

૩૧) કઈ શ્રાવિકાએ છ મહિનાના ઉપવાસ કર્યા હતા?

૩૨) હીરસૂરી મહારાજે કોના દ્વારા અમારિ પ્રવર્તન કરાવ્યું?

૩૩) સ્થૂલિભદ્રજીને કેટલી બહેનો હતી?

૩૪) હરિવંશ કુળની ઉત્પત્તિ ક્યા ભગવાનના સમયમાં થઈ?

૩૫) ભગવાન વીર માટે બીજોરા પાક વહોરાવા કોણ ગયું હતું?

૩૬) ચમરેન્દ્ર પૂર્વ ભવમાં શું હતો?

૩૭) વર્ધમાનને છેલ્લી શીખ કોણે આપી હતી?

૩૮) બારસાસૂત્રના રચયિતા કોણ છે?

૩૯) શ્રમણપણાનો સાર શું છે?

૪૦) પ્રભુ વીરે કઈ દષ્ટિથી વેદપંક્તિ સાચી ઠરાવી?

**જવાબ :** ૧) ત્રણ, ૨) બે, ૩) દસ, ૪) ઋષભ, ૫) વીસ, ૬) ચંદનબાળાજી ૭) મનુષ્ય ૮) વસુમતી, ૯) પંદરસો, ૧૦) આનંદપુર, ૧૧) શૂન્ય, ૧૨) બે ૧૩) વીસ, ૧૪) શાલિશીર્ષ, ૧૫) પ્રભાસ, ૧૬) ચોથા, ૧૭) ઈન્દ્ર, ૧૮) આઠ , ૧૯) આઠ, ૨૦) કુળ, ૨૧) દસ, ૨૨) અષ્ટાનિકા, ૨૩) પશ્ચાનુપૂર્વી, ૨૪) ચાર, ૨૫) ગૌશાળાએ, ૨૬) ઉપવાસ, ૨૭) સામાચારિ, ૨૮) ધર્મસારથિ, ૨૯) મેઘકુમાર, ૩૦) ૭૨, ૩૧) ચંપા, ૩૨) અકબર, ૩૩) સાત, ૩૪) શીતલનાથ, ૩૫) સિહ અણગાર, ૩૬) પુરણઋષિ, ૩૭) કુળમહત્તરા, ૩૮) ભદ્રબાહુસ્વામી, ૩૯) ઉપશમ્ ૪૦) સ્યાદવાદ


શુભેચ્છા સહ....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

## આરોગ્ય-પ્રકાશ : ઓલરાઉન્ડર કડવી મેથીનાં-મીઠા ગુણ

થોડા સમય પહેલા એક સર્વે આવ્યો છે તે પ્રમાણે મહારાષ્ટ્રમાં દર ત્રણમાંથી એક વ્યક્તિ ડાયાબિટીસ અથવા બ્લડપ્રેશરથી પીડાય છે. તાજેતરમાં જ મુંબઈ મહાનગરપાલિકાએ ડાયાબિટીસ માટેનાં દવાખાનાં બમણાં કરવાનો નિર્ણય કર્યો છે. અત્યાર સુધી હૃદયરોગ પર પુરૂષોનો ઈજારો હતો., પરંતુ હવે સ્ત્રીઓ એમાં પણ સમાનતા મેળવવા લાગી છે. મુંબઈ શહેરના કાર્ડિયોલોજિસ્ટોના મત પ્રમાણે સ્ત્રીઓમાં પણ હવે હાર્ટએટેકનું પ્રમાણ વધતું જાય છે. નોકરી-ધંધાની હાડમારી પુરૂષો જેટલી જ હવે આજની ભણેલી આધુનિક નારીઓ પણ ભોગવી રહી છે.

પતિ-પત્ની બેઉ ધનલક્ષ્મી કમાવા જાય છે, પણ આરોગ્યક્ષ્મી ગુમાવતાં જાય છે. ઋતુ પ્રમાણેની વાનગીઓ ખાવાને બદલે બારેમાસ ફાસ્ટ ફૂડનાં તૈયાર પડીકાં ગળચે છે અને પછી ડોક્ટરે આપેલી ગોળીઓ ગળે છે, મેકડોનાલ્ડ, બર્ગસ્કીંગ, પિઝાહટ અને કેએફસી દ્વારા ભારતમાં વેચાતી ફાસ્ટ ફૂડની વાનગીઓ ઘણાં લાંબા સમય સુધી બગડે નહીં તે માટે એમાં એટલાં બધાં રસાયણો ઉમેરવામાં આવે છે કે શરીરમાં તેનું વિઘટન થઈને પાચન થવું જોઈએ તે થતું નથી. પોષણ અને રોગપ્રતિકારણ શક્તિ વધવાં જોઈએ તે વધતાં નથી. માત્ર ચરબી અને સ્થૂળતા વધે છે. આવો ખોરાક ખાવાની ઇચ્છા વારંવાર થાય અને એના બંધાણી થઈ જવાય એ માટેના રસાયણો પણ તેમાં નાખવામાં આવે છે. આટલાં બધાં કેમિકલ્સ શરીરમાં કચરાપેટીની માફક ઠલવાય પછી હાર્ટએટેક, ડાયાબિટીસ કે કેન્સરના દર્દો ન વધે તો જ નવાઈ.

આવા સમયે આપણે આપણા માર્ગદર્શક બનવું પડશે. ભારતમાં પાકતા વિવિધ ખાદ્યપદાર્થોનો ઋતુ પ્રમાણે આપણા વડવાઓ જે રીતે ઉપયોગ કરતા એ દરેક સમાજના અગ્રણીઓએ નવી પેઢીને શીખવાડવો પડશે. ઉદાહરણરૂપે હવે દિવાળી પછી ગુલાબી ઠંડીની શરૂઆત થઈ છે અને હવે ઠંડીનો વ્યાપ વધશે એવા દિવસોમાં **મેથીનો ઉપયોગ** ફાયદાકારક રહેશે.

ક્રિકેટમાં જેમ ઓલરાઉન્ડર હોય તેમ મેથી ખરેખર ઓલરાઉન્ડર છે. મેથીને શાકમાં, દાળમાં, ભાજીમાં કે પછી ફરસાણ કે મીઠાઈ-વસાણાનાં સ્વરૂપમાં પણ ખાઈ શકાય છે. મેથીની ભાજીનાં થેપલાં બનાવી તેમાં કચુંબર, કોથમીરની ચટણી કે શાક ભરીને સરસ મજાની ઈન્ડિયન વેજ ફ્રેન્કી બાળકોને આપી શકાય.

બે પાંઉની વચ્ચે મેથીનાં ભજિયાં કે મુઠિયાં-ચટણી, સોસ સાથે ઉમેરીને વિદેશી હેમ્બર્ગરને બદલે ઘરે બનાવેલા હોમ્બર્ગર ન આપી શકાય?

મેથીના લોટમાં ગોળ, ઘી, ગુંદર, ખારેક, સૂકામેવા અને મસાલા ઉમેરીને બનાવેલા "મેથી કા લાડુ" - મેકડોનાલ્ડના સ્થાને આપ્યા હોય તો આખું વર્ષ આપણું આરોગ્ય જળવાઈ રહે, તેમાં બેમત નથી.

મેથીમાંથી ભાતભાતના પકવાન બને છે એટલા માટે જ અને ઓલરાઉન્ડર નથી કહી, પણ દરેક જાતના રોગ કે બીમારી સામે પણ રક્ષણ આપે છે એટલે ખરા અર્થમાં ઓલરાઉન્ડર છે. મેથીનાં પાન કે ભાજી તમારા શરીરમાં પ્રવેશીને દિવાળીમાં કંઈ પણ વધારે પડતું ખવાઈ, બીમારી પેદા થઈ હોય તેને વાળીઝૂડીને શરીરની બહાર ધકેલી દેશે. મેથીના લોટમાં શરીરને હૂંફ આપવાનો અને વધારાની ચરબી ઓગાળવાનો પ્રાકૃતિક ગુણ છે, જે શરીરને સ્થૂળતાથી બચાવે છે. પેટ સાફ તેના બધા ગુના માફ અને શરીરમાં સ્થૂળતા ઓછી એમ બીમારી ઓછી. મેથીનું સેવન લોહીને સુધારી લોહીમાં કણી જામી જવાની પ્રક્રિયાને પણ મંદ બનાવે છે, જેથી હૃદયરોગ સામે પણ રક્ષણ મળે છે. એટલું જ નહીં. સૌથી વધુ પરહેજ પાળવી પડતી હોય તેવા ડાયાબિટીસના દર્દીઓ માટે તો મેથી વરદાન બનીને આવે છે, કારણકે મેથીની કડવાશમાં લોહીમાં ભળતી સાકરની મીઠાશને ઓછી કરવાનો ગુણ પણ ઠાંસીઠાંસીને ભર્યો છે. શિયાળાની ઠંડીમાં શરીરના સાંધા જકડાઈ જવા કે સંધિવા થવો એ સામાન્ય છે. મેથીના દાણાને એરંડિયામાં શેકીને ખાવાથી આ દર્દમાં અકલ્પનીય રાહત મળે છે. એક એવી માન્યતા છે કે મેથીથી એસિડિટી વધે છે, પણ એ સાચી વાત નથી. હકીકત તો એ છે કે જેની પાચનક્રિયા નબળી હોય તેને એસિડિટી સતાવતી હોય છે, જ્યારે મેથી તો પાચનક્રિયા ઝડપી અને સરળ બનાવે છે. હા, તેની પ્રકૃતિ ગરમ ખરી, પણ એટલે તો એને શિયાળાની ઠંડીમાં અને રાત્રે કે વહેલી સવારે ઠંડકમાં સેવન કરવાથી પિત્તપ્રકૃતિવાળા પણ આરોગ્ય જાળવી શકે છે. મેથીમાં લોખંડ (આયર્ન) અને કેલ્શિયમ પણ સારાં પ્રમાણમાં છે, એથી એનિમિયાથી પીડાતા દર્દી માટે પણ મેથી શ્રેષ્ઠ છે.

મેથીના દાણાને રાત્રે પલાળી સવારે પેસ્ટ કરી વાળમાં ઘસી કાઢો. થોડીવાર રાખી વાળ ધુઓ. વાળ ખરતાં પણ અટકશે અને વહેલી ઉંમરે ધોળા થતાં પણ અટકશે. વાળની ચમક પણ વધશે. મેથીના લોટને હળદર સાથે મેળવી પેસ્ટ બનાવી ચહેરા પર લગાડવાથી ખીલ કે કાળા ડાઘના ધબ્બા દૂર થાય છે. મેથીનાં પાંદડાં કે લોટની ઉકેળેલા દૂધ સાથે પેસ્ટ બનાવી મોં પર લગાડવાથી ચહેરામાં કરચલીઓ પડતી નથી અને તમે હો તેના કરતાં વધુ યુવાન દેખાવ છો.

મેથી ઉપરાંત આ ઋતુના પાક એટલે શેરડી અને આમળાં-શેરડીમાંથી બનેલો તાજો ગોળ અને આમળાં આરોગ્યપ્રદ છે. ઋતુ પ્રમાણેના ખોરાક જે કુદરતે આપણને આપ્યા છે તે આપણે અને આપણાં સંતાનો ખાશે તો ખરેખર સહુનાં ઘરમાં આરોગ્યલક્ષ્મી સદાય પ્રસન્ન રહેશે, તેમાં બેમત નથી. ***("જન્મભૂમિ"માંથી સાભાર)***

## દુ:ખમાંય હસતા રહેવાનું... - *અવંતિકા ગુણવંત*

શ્રીકાંત એના રિસેપ્શનનું આમંત્રણ આપવા આવ્યો.. સસ્મિત વદને બોલ્યો.., "આ મારી પત્ની નેહા ને આ અમારો દીકરો સૌરભ, ગઈસાલ અમારાં લગ્ન થયાં.."

હું આનંદ અને આશ્ચર્યથી જોઈ રહી. એની પત્ની નેહા એકદમ સુંદર, સુડોળ અને ઉત્સાહથી થનગનતી હતી અને દીકરો સૌરભ પણ એની મા જેવો રૂપાળો હતો.. શ્રીકાંતને વળગીને એ બેઠો હતો..

બે વર્ષ પહેલાં હું શ્રીકાંતને મળી ત્યારે એણે કહ્યું હતું, "હું કુટુંબનું સુખ ઈચ્છું છું તેથી કુટુંબ વસાવીશ, લગ્ન કરીશ પણ એવી સ્ત્રી સાથે જેણે છૂટાછેડા લીધા હોય કે વિધવા હોય ને એને બાળક હોય.."

"કેમ?" મેં પૂછ્યું હતું.

"કારણ કે મને હિમોફિલિયા છે, આ રોગ વારસાગત છે. હું મારાં સંતાનોને આ રોગ વારસામાં આપવા નથી માગતો તેથી મારે મારું પોતાનું બાળક નથી જોઈતું મારા હાડમાંસનું બાળક નથી જોઈતું. પણ હું જેની સાથે લગ્ન કરું એને બાળક હોય તો મને સંતાનનું સુખ મળે!"

હિમોફિલિયા ભયંકર રોગ છે. આપણા શરીરની નાડીઓમાં લોહી વહેવું જોઈએ પણ એ લોહી જો નાડીમાંથી બહાર નીકળે તો થીજી જવું જોઈએ. પણ હિમોફિલિયાના દર્દીના લોહીમાં એક ઘટક તત્વ ખૂટતું હોય છે જેની ઊણપના લીધે એક વાર લોહી બહાર વહેવા માંડે પછી ઝટ બંધ નથી થતું.

આ દર્દીના શરીરમાં ગમે ત્યારે આંતરિક રક્તસ્ત્રાવ થાય ને પ્લાઝમા ચડાવવું પડે, લોહીમાં એ ખૂટતું તત્વ ચડાવો ત્યારે રક્તસ્ત્રાવ બંધ થાય..

ક્યારેક પ્લાઝમા ચડાવવામાં વિલંબ થાય ને લોહી બંધ ન થાય. એ લોહી સ્નાયુઓના સાંધામાં જાય તો સ્નાયુ એની સ્થિતિસ્થાપકતા ગુમાવી બેસે છે, સાંધામાંથી એ વળતો નથી.. ખોડ આવી જાય છે.

શ્રીકાંતનો ડાબો પગ ઢીંચણેથી વળતો નથી.. જમણો હાથ સીધો થતો નથી, છતાં એ અમદાવાદના ટ્રાફિકથી ભરચક રસ્તા પર હિંમતથી સાઈડકારવાળું સ્કૂટર ચલાવે છે. એ બી.કોમ. પાસ છે. પોતાનો વ્યવસાય છે, કુટુંબ માટે પૂરતું કમાઈ શકે છે.

સૌરભને બહાર કમ્પાઉન્ડમાં રમવા મોકલીને મેં શ્રીકાંત સાથે વાત શરૂ કરી, "કેવી રીતે થયાં આ લગ્ન?"

શ્રીકાંતે વાત કહેવા માંડી એને અપેક્ષા હતી એવા પાત્ર માટે લગ્નવિષયક જાહેરખબર એ જોયા કરતો હતો અને એના અનુસંધાનમાં એક બે છોકરીઓ જોઈ હતી, પણ તેઓ એના રોગ વિશે સાંભળીને ગભરાઈને બોલી ઊઠતી કે ના ભાઈ આના કરતાં તો કુંવારા રહેવું સારું. ત્યાં નેહાની જાહેરખબર આવી.

નેહાની જાહેરખબર વાંચીને એનો સંપર્ક કર્યો.. નેહા બી. એસસી. થયા પછી એકવીસ વર્ષની ઉંમરે પરણી હતી.. ઘરમાં સાસુ અને કુંવારી મોટી નણંદનો બહુ ત્રાસ હતો.. નેહા પાસે નીત નવી વસ્તુઓની માગણી કરે ને કહે : "જા તારા બાપના ઘેરથી લઈ આવ.."

નેહા સાસરિયાને કહે, "કહો તો હું સર્વિસ કરીને મારી કમાણી તમારા હાથમાં મૂકી દઉં પણ મારાં માબાપ પાસેથી માગી ન લાવું.." દરમિયાનમાં નેહાને દીકરો આવ્યો.. દીકરો જોઈને ખુશ થવાના બદલે દીકરા તરફ તેઓ કઠોર વર્તન કરતાં ને વાતેવાતે નેહા તથા દીકરા સૌરભને મારતાં..

નેહા થાકી ગઈ. લાગ્યું આ લોકો કદી સુધરશે નહિ તે પતિ તો સાવ માવડિયો હતો.. માનો ભાઈ એટલે કે મામા અમેરિકા સેટલ થયેલા છે ને એમણે બહેનને અમેરિકા વસવાટ મળે માટે અરજી કરી હતી.. આમ પોતાનેય ભવિષ્યમાં માના લીધે અમેરિકા વસવા મળવાનું છે એમ માનીને માને ખુશ રાખવા એ નેહાને ત્રાસ આપતો હતો..

પાંચ વર્ષના દામ્પત્યજીવનના અંતે નેહાએ છૂટાછેડા લીધા..

"તમને કે સૌરભને એની પાસેથી કંઈ મળ્યું?" મેં નેહાને પૂછ્યું.

"પાંચ વરસ સાથે રહી તોય કદી એક રૂપિયોય નથી આપ્યો.. એ મને શું આપવાનો હતો? મને છૂટી કરી એ જ ઘણું હતું!"

છૂટાછેડા મળ્યા એના બીજા દિવસે જ નેહાએ જાહેરખબર આપી હતી.. દીકરો સૌરભ સમજણો તો થઈ ગયો હતો.. તેતી જો લગ્નમાં વિલંબ કરે તો નવા ઘરમાં અને અજાણી વ્યક્તિઓમાં એ ગોઠવાઈ શકે નહિ. જીવનમાં આવેલા પરિવર્તનને એ અનુકૂળ ન થઈ શકે. પચાવી ન શકે અને એનું લાગણીતંત્ર ખોરવાઈ જાય.

આ ડરના લીધે નેહા તથા એનાં માતાપિતાએ એકદમ વ્યવહારુ માર્ગ અપનાવી લીધો હતો.. છૂટાછેડાના બીજા દિવસે જ જાહેરખબર આપીને શોધ આરંભી દીધી.. એ અને શ્રીકાંત મળ્યાં..

શ્રીકાંત સાથે મુલાકાત થઈ ત્યારે સૌથી પહેલી વાત શ્રીકાંતે નેહાને કહી, "મારે મારું બાળક નથી જોઈતું" આ

સાંભળ્યું એ નેહાને અપરંપાર શાંતિ થઈ. શ્રીકાંતે નેહાને પોતાના રોગની વિગતે વાત કરીને એને લગતું જેટલું સાહિત્ય હતું તે બધું વાંચવા આપ્યું.

નેહા અને એનાં માતાપિતાએ બે દિવસનો સમય વિચાર કરવા માટે માગેલ. નેહાની જાહેરખબરના જવાબરૂપે બીજા આઠ કાગળો આવ્યા હતા. એમાં વિધુર કે ડાયવોર્સી હતા, દરેકને બાળક હતું એટલે ઓરમાયાનો પ્રશ્ન ઊભો થાય. જ. એક શ્રીકાંત જ એવો હતો કે જે સૌરભને સંપૂર્ણપણે પોતાના દીકરા તરીકે સ્વીકારીને તૃપ્ત થાય. એને પોતાના બાળકની ખેવના ન હતી.

એટલે નેહાએ શ્રીકાંત પર પસંદગી ઉતારી.

મેં પૂછ્યું, "શ્રીકાંતને આવો રોગ છે છતાં?"

"પહેલો વર રોગ વગરનો પૂરો તંદુરસ્ત હતો. એણે મને શું સુખ આપ્યું? મારે તો મનનો તંદુરસ્ત જોઈએ. જીવનમાં સ્વભાવ અને સંસ્કાર અગત્યના છે." નેહાએ કહ્યું.

"તેં શ્રીકાંતનાં મમ્મીપપ્પાને એ રીતે ચકાસી જોયા હતા? એમનો અભ્યાસ કર્યો હતો?"

"હા, એમના ઘરનું વાતાવરણ એટલું હળવું અને પ્રફુલ્લિત છે. અને મમ્મી-પપ્પા એકદમ નિખાલસ. પપ્પા બી.ફાર્મ છે ને મમ્મી બી.એ. ત્યાં શિક્ષણ ને સંસ્કારની મહેક વરતાય છે. બધાં સૌમ્ય અને સ્નેહાળ છે. એમણે હિમોફિલિયાની બધી માહિતી આપીને અમને કહ્યું હતું કે "બે દિવસ નહિ અઠવાડિયા પછી જવાબ આપજો. ડોક્ટરને આ રોગ વિશે પૂછી જુઓ. ખાતરી કરી લો. તમારું મન માને પછી જ આગળ વધજો."

"મારા મામા ડોક્ટર છે, એમને પૂછ્યું તો એમણે વાંધો ન લીધો આમ અમે બધાએ હૃદયથી આ સંબંધ સ્વીકાર્યો. નેહાએ કહ્યું.

આ પછી શ્રીકાંત તથા નેહા મળ્યાં ત્યારે નેહાએ કહ્યું. "હું મારા પિયરથી કોઈ ચીજવસ્તુ નહિ લાવું!"

શ્રીકાંતે કહ્યું, મારે કંઈ જોઈતું નથી.

"બધા પહેલાં એવું કહે છે ને પછી મંગાવે છે." નેહાએ પ્રથમ લગ્નના અનુભવના આધારે કહ્યું.

"બધા એક્સરખા નથી હોતા. જુઓ આપણે રહેવા આ બે બેડરૂમનો ફ્લેટ છે. મારાં મમ્મી-પપ્પા સાથે રહેવાનું છે. આપણા જોગું હું સ્વતંત્રપણે કમાઉં છું. જીવનને આવશ્યક બધી સગવડો વસાવી લીધી છે. મારે માત્ર પ્રેમાળ કુટુંબ જોઈએ. જીવનસાથી જોઈએ. એનાથી વધારે બીજું કંઈ નહિં.

નેહા બોલી, "મારે પણ મારા ને મારા દીકરા માટે પ્રેમભર્યું ઘર જોઈએ છે."

"પ્રેમ તો છે જ, પણ સાથેસાથે મારા રોગ વિશે પૂરુ ' સમજી લો. આ રોગ જીવલેણ નથી. પણ ખર્ચાળ છે, ગમે ત્યારે પ્લાઝમા ચડાવવાની જરૂર પડે ને ખરચો થઈ જાય. દોડાદોડ થઈ જાય માટે એ પરિસ્થિતિને પહોંચી વળવા બચત કરવી જોઈએ. તેથી પહેલાં જરૂરી બચત ને પછી મોજશોખ.

આપણે મોજશોખ કરીશું. પણ મારી મર્યાદામાં રહીને. હું માબાપ પર મારો ભાર નાખવા નથી માગતો.

બીજું આપણે કોઈ પ્રોગ્રામ બનાવ્યો હોય ને અચાનક બ્લીડિંગ શરૂ થઈ જાય ને આપણે રોકાઈ જવું પડે ત્યારે તારા લીધે પ્રોગ્રામ બગડ્યો, એવું સાંભળવું મને નહિ ગમે. એવે વખતે બ્લડબેન્કમાં જઈને પ્લાઝમા મેળવવાનું અને મને આપવાની વ્યવસ્થા કરવાની આવે. ધીરજ અને હિંમતથી કામ કરવું પડે! ગભરાયે ના ચાલે."

નેહા બોલી, "આ બધું વગર કહે મને સમજાય છે."

"તો પછી તમે ઓપરેશન કરાવી નાખો કે બાળક જ ન થાય."

"હું ઓપરેશન કરાવત પણ મારા આ રોગના લીધે ઓપરેશન કરાવવું મારા માટે જોખમ છે." શ્રીકાંતે કહ્યું.

નેહાએ બાળક બંધનું ઓપરેશન કરાવ્યું અને બેઉં જણ સાદાઈથી પરણી ગયાં.

સૌરભના નામ પાછળ એના જનકનું એના જન્મદાતા પિતાનું નામ લખાતું હતું એના ઠેકાણે શ્રીકાંતનું નામ લખાવવા કાયદેસરની કાર્યવાહી શરૂ કરી. સૌરભના નામની ફિક્સ ડિપોઝિટ અને બેન્કમાં રીકરિંગ બચત ખાતું ખોલાવ્યું. એક જવાબદાર બાપ તરીકે શ્રીકાંતે સૌરભના સુરક્ષિત ભવિષ્ય અને વિકાસ માટે કરવા યોગ્ય બધું કરવા માંડયું.

લગ્ન પછી તેઓ કુલૂમનાલી ફરવા ગયાં ત્યારે સૌરભને સાથે લઈ ગયા હતા. નેહાને મેં કહ્યું, "ત્યાંના ચઢાણ, ઊતરાણમાં શ્રીકાંતનો હાથ સતત તારા ખભે રહેતો હશે?"

"ના. શ્રીકાંતે મને પહેલેથી કહ્યું છે : "હું ટેકો આપું" એવું તું કહીશ નહિ. મારે જરૂર હોય. ત્યારે હાથ લંબાવીશ. તું પકડી લેજે."

શ્રીકાંત કહે, "મારી મર્યાદાઓને સતત યાદ રાખવાની જરૂર નથી. જીવનમાં હસતાં રહેવાનું, દુઃખ હોય ત્યારે હસવાનું જેથી દુઃખ સહ્ય બને."

"લગ્ન તો તમે ગઈસાલ કર્યાં ને રિસેપ્શન એક વર્ષ પછી કેમ?"

"એ વખતે શોક આવ્યો હતો તેથી લગ્ન સાદાઈથી કર્યા ને ઉજવવાનું બાકી હતું એટલે ઉજવણી અત્યારે. અમારું આ મંગલમિલન ઉજવવું તો જોઈએ જ ને?" પ્રફુલ્લિત વદને શ્રીકાંત બોલ્યો. ***(સંકલિત)***

# બાળકને 'ના' જીરવતાંય શીખવવું પડે

''બહેન ! મારા અનુજને અહીં આઠમા ધોરણમાં સ્કૂલમાં એડમિશન મળ્યું છે. આમ તો એને સ્કૂલમાં ફાવી ગયું છે પણ ગઈકાલે વર્ગ બદલાયો તેથી તે બહુ અસ્વસ્થ થઈ ગયો છે. ઘેર આવીને ખૂબ રડ્યો કે 'મારે આ સ્કૂલમાં નથી જવું, મારો ભાઈબંધ પેલા વર્ગમાં રહ્યો અને હું છૂટો પડી ગયો. બહેન ! અમે એ બંને સાથે રહે એટલે જ આ સ્કૂલમાં એડમિશન લીધું છે. ને હવે એ બે છોકરાં છૂટા પડી જશે તો ભારે મુશ્કેલી થશે. તમે એ બંનેને એક વર્ગમાં ગોઠવી આપોને.''

''ભાઈ ! મારે આ હેરફેર વર્ગની સંખ્યા જોઈને કરવી પડે છે. એક વર્ગમાં સંખ્યા વધી જતી હોય અને બીજા વર્ગમાં ઓછી સંખ્યા હોય તો એવા ફેરફાર તો મારે નવા આવેલા વિદ્યાર્થીઓમાં કરવા જ પડે ને ! શરૂઆતમાં આવે ત્યારે બધાંને એક જ વર્ગમાં બેસાડીએ પછી જુલાઈ મહિનો શરૂ થતાં આ વ્યવસ્થા તો અમારે કરવી જ પડે. એ માટે આ બધું શકય કેવી રીતે બને? તમે જાણો છો કે આજકાલ સારી શાળામાં એડમિશન કેટલી મુશ્કેલીથી મળે છે. બાવીસ છોકરાંઓના ટેસ્ટમાંથી માંડ આઠ છોકરાં લઈ શકાયાં છે. અને પછી વર્ગની સંખ્યા મારે ગોઠવવી તો પડે જ. મારે મન તો આ બધા જ વિદ્યાર્થી સરખા, તમારી અનુકૂળતા પ્રમાણે હું વર્ગની ગોઠવણી કેવી રીતે કરી શકું?''

'પણ બહેન ! એનો ભાઈબંધ બીજા વર્ગમાં રહ્યો ને એનો વર્ગ બદલાઈ ગયો એને કેવી રીતે ગમે? તમે ગમે તેમ કરો એનો વર્ગ બદલાવી આપો. એના ભાઈબંધ સાથે મૂકી આપો. એ માનતો નથી.'

'ભાઈ ! બાળક શાળાએ ભણવા આવે છે કે ભાઈબંધ સાથે દોસ્તી માણવા? વર્ગમાં જ્યાં ભણવાનું જ છે તેમાં ભાઈબંધની શી જરૂર? રિસેસમાં તો ભાઈબંધને મળી જ શકશે ને? ઉપરથી વર્ગમાં ભાઈબંધ નહીં હોય તો એ ભણતર વધુ સારું કરી શકશે. વર્ગમાં વધુ ધ્યાન આપી શકશે. બધે જ કંઈ બધું જ આપણું ધાર્યું હોય એ મુજબ થઈ શકે ખરું ! છોકરાઓ તો નાદાન છે. એમનેય આપણે આ બધું શીખવવું તો પડશે ને.!'

''તમને ખબર છે ! હજી તો તે જેમ જેમ મોટો થતો જશે તેમ તેમ તેને ઘણી બધી નહીં ગમતી વાતો સ્વીકારવી જ પડશે. એ જો સ્કૂલ બદલવા તૈયાર થયો તો વર્ગ બદલવા તૈયાર ન થાય તેવું તે કંઈ હોય ! ભવિષ્યમાં મોટો થશે અને કદાચ પરદેશ ભણવા જવાનું થશે તો ત્યાંય એના આ ભાઈબંધને લઈને જશે? એ શક્ય બનશે ખરું ! જીવનમાં પરિવર્તન સ્વીકારવાની પણ કેળવણી તો આપવી જ પડશે ને ! સ્વીકાર્યતા કેળવતાંય શીખવવું તો પડશે જ ને ! કદાચ પરીક્ષામાં ઓછા માર્ક્સ લાવશે તો ચાલશે પણ એના ઘડતરમાં તો કચાશ કેમ રખાય? આ પણ એક ઘડતરનું પાસું છે ભાઈ ! સંતાનને શીખવવું પડે કે જીવનમાં બધું જ આપણે ધારીએ તેમ ન થાય. જેમ જેમ મોટો થતો જશે તેમ પરિસ્થિતિ એવી થતી જશે કે નહીં ગમતી ઘણીબધી વાતો એને સ્વીકારતાં શીખવી પડશે. અને એ કેળવણી માટે આ તો પાશેરામાં પહેલી પૂણી છે. એમાં આટલા બધા મૂંઝાઈ શું જાવ છો? આપણે આ જ તો બધું એને શીખવવાનું છે.''

'પણ બહેન ! મેં એને હજી સુધી કશાયમાં 'ના' કહી જ નથી. આજ દિન સુધી લગભગ બધું જ એની ઈચ્છા મુજબ થતું આવ્યું છે અને એટલે આ આઘાત એને માટે જીરવવો મુશ્કેલ છે. ગમે તેમ કરો. પણ મને વર્ગ બદલી આપો નહીં તો ભારે મુશ્કેલી થશે, ને આખીય ગાડી પાટા પરથી ઊતરી જશે...એ બહુ જ લાગણીશીલ છે.'

અનુજના પપ્પાની આ વાત સાંભળી મને એમને માટે સાચે જ કરુણા ઉપજી....આજે આપણે બાળકનો ઉછેર કેવો કરીએ છીએ...? મને યાદ છે અમે નાનાં હતાં ત્યારે મા કે બાપ સહેજ 'ના' કહે એ સ્વીકારવી જ પડે. એમાં કયાંય વાદ કે વિવાદ ચાલે જ નહીં અને એથીય વધુ તો એવું હતું કે વડીલોનાં મોંના હાવભાવ જોઈને જ અમને- છોકરાંઓને સમજાઈ જતું કે 'આમ નહીં કરવાનું અને કરીશું તો માબાપ નાખુશ થશે.' મા-બાપ નાખુશ ન થવાં જોઈએ અને માબાપની આજ્ઞાનું પાલન કરવું જોઈએ. એવાં જીવનનાં મૂલ્યો બાળપણથી જ અંતર્ગત થયેલાં હતાં. તેને ઠેકાણે આજે

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

બાળક નાનું હોય ત્યારથી જ પોતાનું ધાર્યું જ કરાવવા ટેવાઈ જાય છે. સાવ નાનું હોય ત્યારે તો તેને હઠીલું કહી ચલાવી લેવામાં આવે પણ જેમ જેમ મોટું થતું જાય તેમ તેમ તેને પોતે પોતાની ઈચ્છાઓને દાબતાંય શીખવું તો પડે ને !

''એક માબાપ તરીકે પણ આપણે બાળકને નાનપણથી જ પરિવર્તન સ્વીકારવાની તાલીમ તો અપવી જ પડશે. કારણ કે પરિવર્તન વિના કયારેય પ્રગતિ થઈ શકે નહીં. બાળક જન્મે ત્યારે ફક્ત તેની મા જ તેના જીવનમાં કેન્દ્રસ્થાને હોય, મોટું થતું જાય તેમ તેમ તેના જીવનમાં બીજાં બધાં પાત્રો પ્રવેશતાં થાય. તેનું સામાજિક વર્તુળ મોટું થતું જાય, તમે જ્યારે શાળા બદલી જ છે તો એ સામાજિક વર્તુળની સીમા વધે એ તો એના જ હિતમાં છે. તમે એ સમજી નથી શકતા, સ્વીકારી નથી શકતા એ જાણી મને આશ્ચર્ય થાય છે. બાળકને વધુ પડતું રક્ષણ આપી એને પાંગળું બનાવવાનું હોય કે સૌ સાથે હળીમળીને પ્રગતિ સાધી શકે તેવું નીડર બનાવવાનું હોય ? અરે ! એક ભાઈબંધથી છૂટો પડશે તો બીજા દસ સારા ભાઈબંધ બનાવવાની તેનામાં હિંમત આવશે, આવડત કેળવાશે. પરિવર્તનથી તો માણસની હંમેશાં પ્રગતિ જ થાય છે.''

''માણસે જીવનમાં અનેક સમસ્યાઓનો સામનો કરતાં શીખવું જ પડશે. સુખી માણસનું પહેરણ કયાંય મળે છે ખરું ! સમસ્યાઓ સામે ઝઝૂમતા શીખીએ એનું જ નામ જિંદગી. પ્રશ્ન સમસ્યાઓ આવે એનો નથી, એની સામે ઝઝૂમતાં શીખવાનો છે. નાનપણથી જ એવી કેળવણી આપવી જોઈએ કે તેને કોઈ પણ પરિસ્થિતિમાં સાનુકૂળ થઈ જતાં આવડે. વિષય પરિસ્થિતિમાં ધીરજપૂર્વક રસ્તો કાઢતાં આવડે એ જ હકારાત્મક અભિગમ Positve attitude, જીવનમાં સફળ થવા માટે બહુ અગત્યનું લક્ષણ છે. સમસ્યામાંથી જ જીવનમાં સાચો માર્ગ મળે છે. વિષમ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢતાં આપણે એને શીખવવાનું છે. એને બદલે તમે એને આમ વર્ગ બદલાવવાનું દબાણ મારી ઉપર લાવીને એને પાંગળો શું કામ બનાવો છો? આ તો બહુ મામૂલી પ્રશ્ન છે. હજી તો એ જેમ મોટો થતો જશે તેમ તેને ઘણી વિષય પરિસ્થિતિનો સામનો કરવાનો જ આવશે. તમે તે માટે તેને તૈયાર નહીં કરો ? જીવનમાં ના સાંભળવાનુંય તેને શીખવવું તો પડશે ને ! બધું જ ધારીએ એ ઓછું જ કરી શકાય ! બાળકના ઘડતરનું આ એક અગત્યનું અંગ છે. મા-બાપની મમતા જ ક્યારેક ખુદ પોતાનાં સંતાનના વિકાસમાં જ અવરોધ બનીની ઊભી રહી જાય છે, તે કેમ ચાલે !!

## કાવ્ય-પ્રકાશ : કરીએ સ્નેહભર્યા સન્માન

**(દુહો)**

હે... લગ્ન મહોત્સવ આવીયાને, આનંદ આનંદ થાય
હેતે વધાવો હર્ષ ધરીને, હૈયે રૂડાં ભાવ ભરીને હૈયે... (૨)

***(રાગ : દેખ તેરે સંસાર કી હાલત)***

આંગણ અમારે આજ પધારો મોંઘેરા મહેમાન
કરીએ સ્નેહભર્યા સન્માન...
પાવન પગલાં પાડો પ્રીતે, પુણ્યવંતા મહેમાન,
કરીએ સ્નેહભર્યા સન્માન...૧
ઉગી ઉષા આજ અનેરી, સોહે એના રંગ સોનેરી
સ્નેહ ભરેલા સ્વાગત કેરી, અંતરની એક આશ અનેરી
વ્હાલેથી વધાવી કરીએ ભાવભર્યા સન્માન
પધારો મોંઘેરા મહેમાન...૨
**આદીપુર**ના આંગણે આજે, લગ્ન મહોત્સવ ઉજવાય
એકવીસ એકવીસ વર-કન્યા સાથે લગ્નગ્રંથીથી જોડાય...આજે
**શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ** આપે આશિર્વાદ ...૩ કરીએ...
ઋષિ મંડળ પૂજન કરાવે. વાછરા દાદાની ભક્તિ કરાવે
મહાવીરસ્વામી, જીરાવલ્લા દાદા, શાંતિનાથની શીતલ છાયામાં
મહાકાળીમાના આશિષ લેતા, હરખે વર કન્યા આજ
કરીએ સ્નેહભર્યા સન્માન ... ૪
કારતક વદ અગિયારસ રૂડી ને વળી રવિવાર મંગલકારી
ઢોલ નગારા નોબત વાગે, શરણાઈઓના સૂરો ગાજે,
લગ્નમંડપમાં ગીતો ગાતાં, હરખે સાજન માજન આજ
કરીએ સ્નેહભર્યા સન્માન.... ૫
ઓછું વત્તું બહેનો માફ કરશો, ભૂલચૂક અમારી સુધારી લેજો
સાસરીએ જઈને નામ દીપાવજો, અમ અશિષ અંતરમાં ઉતારજો
શાંતિજિન મંડળ હરખે આજે, વર્તે જય જયકાર...
કરીએ સ્નેહભર્યા સન્માન.... ૬

– ***તારામતી એલ. નાગડા*** (ઘાટકોપર)


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

॥ શ્રી ભોમિયાદાદાય નમઃ ॥
તીર્થ યાત્રાઓ અને પર્યટન ક્ષેત્રે
૨૫ વર્ષથી તમારી સાથે...
હોટલ-વાહન-વિમાન ટીકીટોની બુકીંગ અને ગ્રુપમાં ટેઇલરમેડ ટુરો માટે... તન-મન ટુર્સ

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI
Continental™
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ




## પહેડી એ પુજા-ભક્તિભાવના

પહેડી એ માતા (કુળદેવી)માં શ્રધ્ધા વ્યક્ત કરવા માટે થતી સમૂહ ભક્તિ-ભાવના કે સમૂહ પૂજા-અર્ચના છે. પ્ર.સ. અંક ૪૪માં "ચર્ચાને ચોતરે" વિભાગમાં શ્રી પ્રવીણભાઈ ખોનાનો પહેડીઓ એ શીર્ષક હેઠળનો લેખ વાંચ્યો. પહેડીમાં માનનારા અને તેમાં જનારા ભાવિકોને "અજ્ઞાનીઓ"ની સંજ્ઞા આપીને તેમની ઠેકડી ઊડાડવાની કોશિશ કરવામાં આવી છે. વળી વિવિધ દેવી-દેવતાઓનો "મિથ્યાત્વી" તરીકે ઉલ્લેખ કરીને તેમનું અપમાન જ કરવામાં આવ્યું છે. આપણે એ ભૂલવું ન જોઈએ કે જૈન ધર્મ "સાપેક્ષ વાદ"માં માને છે. આપણને જે "મિથ્યા" લાગે છે તે બીજી સેંકડો કે હજારોની દષ્ટિએ "સત્ય" અને સમ્યક પણ હોઈ શકે છે. વળી આપણે મૂળે હિન્દુ રાજપુત હતા. ખેતશી (ખેતસિંહ), પદમશી (પદમસિંહ), રતનશી (રતનસિંહ) વગેરે નામો હિન્દુત્વ સૂચવનારા છે. એનો અર્થ એ જ થયો કે વંશપરંપરાગત આપણા હિન્દુ સંસ્કારો આજે પણ જળવાઈ રહ્યા છે અને વિવિધ વિધિ-વિધાનોમાં આપણે એને તાદ્દશ થતા જોઈ શકીએ છીએ. એવું જ આપણે હિન્દુમાંથી મુસ્લિમ બનનારા લોકોમાં જોઈ શકીએ છીએ. બોરીઓમાં પ્રેમજી, લાલજી જેવા હિન્દુ નામો આજે પણ આપણે એમની મૃત્યુ નોંધમાં વાંચી શકીએ છીએ. વળી કોઠારાની બાજુના ભેદી ગામમાં રહેતા મૂળે ઠકરાઈ પણ હાલમાં મુસ્લિમ ધર્મ પાળનારા લોકો લગ્ન અને મૃત્યુ વખતે બંને (હિન્દુ અને મુસ્લિમ) વિધિઓથી સંસ્કારો કરે છે.

એટલે હિન્દુ ધર્મની કેટલીક વિધિઓ આપણે અપનાવી છે તેમાં કશુંજ ખોટું કર્યું નથી.

રહી વાત પહેડીની, પહેડી એ બીજું કંઈ નથી પણ આપણી માતા (કુળદેવી)ની સમૂહમાં (એકજ ગોત્ર કે નુખના ભાવિકો દ્વારા) કરવામાં આવતી ભક્તિ-ભાવના કે પૂજા-અર્ચના છે. પહેડી શબ્દ પ્રત્યે અણગમો હોય તો સમૂહ ભક્તિ-ભાવના કે સમૂહ (સામૂહિક) પૂજા-અર્ચના એ શીર્ષક હેઠળ કાર્યક્રમ યોજી શકાય. મહાકાલી માતાની ભક્તિ-ભાવનામાં જેમ ભક્તિ-ગીતો કે ભજનો ગવાય છે તેવીજ રીતે માતા (કુળદેવી)ની સમૂહ ભક્તિભાવનામાં પણ ભક્તિ-ગીતો અને ભજનો ગવાય છે. ધૂપ-દીપ-આરતી વગેરે થાય છે. મહાકાળી માતાની ભાવના પછી પ્રસાદ વાંટવામાં આવે છે. (એજ અંકના પાના નં.૩૧ ઉપરના સૂરત મહાજનના સમાચાર વાંચો) અને એના ઠેકઠેકાણે ભક્તિ ભાવના થાય છે. એવીજ રીતે કુળદેવીની ભક્તિ-ભાવના પછી પ્રસાદ (જમણવાર) રાખવામાં આવે છે. બધા એક-બીજાને મળીને આનંદ-ઉલ્લાસ સાથે છૂટા પડે છે. હવે તો ધાર્મિક-શૈક્ષણિક વગેરે બાબતોમાં આગળ આવેલા છાત્રો, ભાઈ-બહેનોને ઈનામો બહુમાન પણ આપવામાં આવે છે. આમાં પૈસા ભરનારા પણ હિસાબોની માગણી કરતા નથી. વળી, કોઈ એક જ વ્યક્તિ તમામ ખર્ચો કરે તો હિસાબ કોણ માગે?

બધા લોકો કુળદેવીના મૂળ સ્થાનકે (કચ્છ)માં પહોંચી શકતા નથી. એટલે જ આવો કાર્યક્રમ મુંબઈમાં યોજાય છે. વળી તેમણે જે દરેક ગામ અને દરેક ફળીયાની જુદી-જુદી કુળદેવી એવી જે વાત કરી છે તે તદન અસત્ય છે. કુળદેવી એટલે જ કુળ કે વંશની દેવી (માતા) ફળિયા કે ગામની દેવીને કુળદેવી ન કહેવાય ફળિયા કે ગામના રક્ષક દેવ કે દેવી હોઈ શકે છે.

હવે "વાંસા" કોને આવે છે, કે શા માટે આવે છે એ આખી બાબતે માનસશાસ્ત્ર સાથે સંકળાયેલી છે અને આમાં ધૂપની સુગંધ, ઢોલ (ગામમાં ડાક) નું વાગવું વગેરે બાબતો મહત્વનો ભાગ ભજવે છે. આમાં સંશોધન અને ચર્ચાને સ્થાન છે.

ક.વી.ઓ જ્ઞાતિમાં પણ પહેડી (સમૂહ ભક્તિ-ભાવના)ના કાર્યક્રમો યોજાય છે. આજથી કદાચ વીસ-પચ્ચીસ વર્ષ પહેલાં વીશા ઓશવાળ જ્ઞાતિમાં પહેડી એ સમૂહ ભક્તિ-ભાવના શરૂ થઈ હતી. એ શરૂ કરાવનાર વ્યક્તિ મુલુંડમાં આર.એચ.બી. રોડ ઉપર આવેલા "શ્રી નિવાસ"માં રહેતી હતી. ભાતબજારમાં અમે એક જ વીશીમાં જમતા હતા.

વળી "હોમ-હવન" એ પણ હિન્દુધર્મની વિધિ છે. જેનું આપણે આપણા દેરાસરોમાં અનુસરણ કરીએ છીએ. કાળી ચૌદસને દિવસે ઘંટાકર્ણ મહાવીરનો હોમ રાખવામાં આવે છે અને એના ચડાવા બોલાવવામાં આવે છે. હિન્દુ ધર્મની સમાંતર એવી અનેક ધાર્મિક વિધિઓની જૈન ધર્મમાંથી બાદબાકી કરી નાખવામાં આવે તો આપણાં ભાગે "ઝાંઝપખા" વગાડવા સિવાય બીજું કંઈ બાકી નહિ રહે!

*ગાંધીધામ ૧૪-૧૧-૧૨* — *શામજી પમદશી છેડા*

## હાનિકારક પ્લાસ્ટિક

આપણે રોજીંદા જીવન વ્યવહારમાં પ્લાસ્ટિક ઝબલા, ડિસ્પોસેબલ, ગ્લૉસ જેવી અનેક વસ્તુઓનો મોટા પ્રમાણમાં ઉપયોગ કરીને બેદરકારીથી ગમે ત્યાં ફેંકી દેતા હોઈએ છીએ. શક્યતઃ આ પ્રકારે પર્યાવરણને હાનીકારક એવી વસ્તુઓનો ઉપયોગ જ ટાળીએ અથવા તેને ગમે ત્યાં ન ફેંકતા પુરો નાશ કરીએ. આ પ્રકારે એ જાગૃતિ આપણે પોતાનાથી જ શરૂઆત કરી લાવવી પડશે. પ્લાસ્ટિકના કચરાથી મુંગા અબોલ જીવો જેમ કે ખિસકોલી, ઉંદરો, કૂતરાઓ, બિલાડીઓ, રખડતા ઢોર ગાય, બકરીઓ અને પંખીઓ, માછલીઓ વગેરે ઘણાં પ્રાણીઓ પ્લાસ્ટિકના ઝબલામાં ફેંકાયેલ ખોરાક ખાતાં એ પ્લાસ્ટિક પણ ગળી જતા હોય છે અને મરી પણ જતા હોય છે. આમ કેટલું અપ્રત્યક્ષ પાપ આપણા હાથે થતું હોય છે. પર્યાવરણનું પારાવાર નુકસાન થતું હોય છે. વાતાવરણમાં હવા પ્રદુષીત થતી હોય છે. આ કચરા થકી તલાવો, નદીઓ, કુવાઓમાં મોટા પ્રમાણમાં બેક્ટેરિયા ઉત્પન્ન થતા હોય છે જેથી માનવ શરીરમાં અનેક રોગો ફેલાતા હોય છે. આ બધું જોતા ખરેખર આપણે હવે પ્લાસ્ટિક વપરાશ ઉપર નિયંત્રણની જરૂરત છે. તેમજ સરકારને એ બાધ્ય કરવું જોઈએ કે પ્લાસ્ટીકના કચરાનો નિકાલ યોગ્ય રીતે થવો જોઈએ.

આ કચરો વર્ષોના વર્ષો સુધી સડતો નથી અને આપણાને નુકશાન કરે છે. આ માટે જનજાગૃતીની જરૂરત છે. સરકાર ઉપર જ મધાર ન રાખતાં આપણાંથી જ શરૂઆત કરીએ.

*ભદ્રેશ્વર ૨૪-૧૦-૧૨* — *તેજકુમાર જૈન*

Since 1984...
**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...
રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી,
રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા
• રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી
ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જૂના ઘરચોળા લેવામાં આવશે.
Mob.: 7666688881
ગુરૂવાર બંધ.

ગિરીશ લોડાયા–09892019133 / 09967771141
AVSAR
CATERING SERVICES
*Simply the Best...*
અવસર કેટરીંગ સર્વિસીસ
કોઈપણ પ્રસંગે શ્રેષ્ઠ સ્વાદ, ઉત્તમ સર્વિસ
B-1, 505, સાઈ આશિષ, બી.આર. રોડ,
મુલુન્ડ (વે), મુંબઈ-૮૦. ફોન : 022-21649611

શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No.11-0404

K. Dixit
રીયલ ડાયમંડ જ્વેલરી
કૌશિક રાયચંદ શાહ (પટેલ)
(સાંધાણ – ઘાટકોપર)
98204 57676


શુભેચ્છા સહ...
શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)
**UKKHIMJI & CO.**
144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH - 416 416 Tel. 2670910/2322057

પ્રકાશ સમીક્ષા **સમાચાર** સંકલન
સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબિવલી

મંડળના ઉપક્રમે તા.૬-૧-૧૩ના સાંજે ૪ વાગે ડોંબિવલી (વે)માં ભરત નાટ્ય મંદિરમાં રંજનસંધ્યા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો છે. તા.૧૩-૧-૧૩ના વિવિધ ઇન્ડોર-આઉટડોર રમતગમત સ્પર્ધાઓ અને તા.૧૭-૧૨-૧૩ના જ્ઞાતિસ્તરે મર્યાદિત ઓવર્સની ક્રિકેટ મેચ સ્પર્ધા યોજાઈ છે.

જ્ઞાતિના ૮મા વસતીપત્રકના ફોર્મ હજી સુધી મંડળમાં લઇને ભરેલ ન હોય તો મંડળનો ત્વરીત સંપર્ક કરી ભરી લેવા જણાવાયું છે.

### શ્રી અચલગચ્છ સંઘ-ડોંબિવલી

સંઘમાં પૂ.સા.શ્રી હર્ષગુણાશ્રીજી આ.ઠા.ની નિશ્રામાં સુંદર ચાતુર્માસ આરાધના થઈ. અચલગચ્છાધિપતિ પૂ.આ.શ્રી ગુણસાગરસૂરીજીની ૨૪મી પુણ્યતિથીએ ત્ર્યાન્હિક મહોત્સવ ઉજવાયું. જેમાં વિવિધ પુજન, ગુરૂપુજા, ગુણાનુમોદન, દેશાવગાસિક સામાયિક સમુહ અઠ્ઠમ તપ વગેરે આયોજન થયા.

સંઘમાં શાશ્વતી આયંબીલ ઓળી વિવિધ સહાયક દાતાઓના સથવારે રૂડી રીતે થઈ.૧૦૦થી વધુ તપસ્વીએ ઓળી અને નવપદની આરાધના કરી. પુજ્યશ્રીએ નવપદના પ્રવચન તથા શ્રીપાળ-મયણા રાસ વાંચન કરેલ. તા.૨૪-૧૦ ના નવકારમંત્ર સમુહ જાપ થયેલ. દિવાળીએ સમુહ અઠ્ઠમતપ આરાધના, મહાવીર નિર્વાણ કલ્યાણક જાપ નૂતન વર્ષે જિનાલય દ્વારોદ્ઘાટન, ગૌતમરાસ વાંચન અને માંગલિક થયેલ.

પૂ.સા.શ્રી પુણ્યોદયશ્રીજીની ૧૧મી પુણ્યતિથીએ સિધ્ધચક્ર પુજન સહ અઠ્ઠમતપ આરાધના થઈ.તા.૧૨ થી ૧૪-૧૧નાં મુનિસુવ્રત જિનાલયે મહાપુજા અને જૈન સંસ્કૃતિપર ભવ્ય પ્રદર્શન સજાવટ હતી. સંઘમાં ૧૫ સ્થળે ચાલતી પાઠશાળાઓમાં ૭૦૦થી વધુ જણાં ધાર્મિક જ્ઞાન મેળવી રહ્યા છે. ટીની-મીની વજ્રસ્વામી પાઠશાળામાં ૩ થી ૮ વર્ષના ૨૦૦ બાળકો ધાર્મિક સંસ્કરણ લઈ રહ્યા છે. આ સફળતાથી પ્રેરાઈને હવે ૯ થી ૧૫ વર્ષના કિશોરો માટે દર રવિવારીય સવારની પાઠશાળા ચાલુ કરાઈ છે. જેના પ્રવેશ માટે પણ સારો પ્રતિસાદ મળેલ છે. અંગ્રેજી માધ્યમના બાળકો પણ સુંદર રીતે ધર્મ જ્ઞાન શીખી રહ્યા છે.

પ્રમુખશ્રી ઠાકરશી ગડા અને માનદમંત્રી શ્રી પ્રવીણ લોડાયા સહ ટીમ સુંદર કાર્ય સંભાળી રહી છે.

### શ્રી ક.દ.ઓ. વસતીપત્રક સમિતિ

જ્ઞાતિના ૮મા વસતીપત્રક માટે ૭૫% ફોર્મ ભરાઈને આવી ગયા છે. દરેક મહાજને/સંસ્થાએ/પ્રતિનિધિઓએ ૩૦-૧૧-૧૨ સુધીમાં મુંબઈ ફોર્મ પહોંચે તેમ મોકલી આપના અપીલ છે. એ પછીના ફોર્મની નવી માહિતી વેબસાઈટમાં ઉમેરીના શકાશે નહીં.

### વડાલામાં આયંબીલ ઓળી

વડાલામાં પૂ.સા.શ્રી ગુણમાલાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની નિશ્રામાં તા.૨૧-૧૦ થી તા.૨૯-૧૦-૧૨ સુધી શાશ્વતી આયંબીલની ઓળીની સુંદર આરાધના થયેલ. શ્રી સંઘના ૭૫-૮૦ ભાઈબહેનોએ આયંબીલની ઓળીનો લાભ લીધેલ. વ્યાખ્યાન દરમ્યાન નિત્ય સવારના પૂજ્યશ્રીએ શ્રીપાળ-મયણાનો રાસ સંભાળવેલ બાદ વિસ્તારપૂર્વક વ્યાખ્યાન આપેલ જેથી શ્રાવક-શ્રાવકાઓને તેનો મહિમા જાણવા મળેલ. વ્યાખ્યાન બાદ પ્રભાવના થયેલ. આ આયંબીલની ઓળી તેમજ પારણાંનો લાભ માતુશ્રી ગોરબાઈ જેઠાભાઈ મારૂ હસ્તે માતુશ્રી માણીબાઈ વસનજી મારૂ, શ્રીમતી નિર્મળા જેઠાલાલ વિસરીયા તથા શ્રીમતી સુશીલા શરદ દેઢીયાના પરિવારે સંયુક્ત રીતે લીધેલ. તપસ્વીઓને દાતા પરિવાર તરફથી ૧ કીલો ગોળ તેમજ અન્ય વ્યક્તિગત રૂા.૨૫ની પ્રભાવના થયેલ.

### વડાલા

કુ. સિધ્ધિ કિરણ ધરમશી (ઉ.વ.૧૩) આઝાદનગર નવરાત્રી દરમ્યાન શણગારેલી આરતી હરિફાઈમાં ૩જું ઈનામ તથા રામબાગ (માટુંગા) નવરાત્રીમાં દાંડીયારાસ હરિફાઈમાં ૨જુ ઈનામ મેળવેલ છે. અભિનંદન.

### ભુજપર ગુરૂમંદિરે ૬૫મો ધ્વજારોહણ

ભુજપુરમાં ગુરૂમંદિર સ્થાને વંદનીય શ્રીપૂજ શ્રી જિનેન્દ્રસાગર સૂરિ મ.સા.ના ૬૫મા સ્વર્ગારોહણ નિમિત્તે તા.૮-૧૨-૧૨ના ધ્વજારોહણ ઉત્સવ ઉજવાશે. મંદિર શુધ્ધિકરણ, મુર્તિ અભિષેક, તપ-જાપ-જીવદયા પ્રવૃતિ સાથે ગુરૂવંદના ગુણાનુવાદ થશે. ધ્વજાનો લાભ શ્રી હેમેન્દ્ર વિશનજી

લોડાયા (મુલુન્ડ) એ લીધેલ છે. ભાવિકો અને ગુરૂભક્તોને પ્રભાવના સૌ. પ્રભાબેન તરફથી થશે. આ પ્રસંગે ગામજનો અન્ય ગુરૂભક્તો પધારશે. શ્રીપૂજ મહારાજ સાહેબની મહાન પ્રતિભાના જીવનદર્શન સાથે વિવિધ વક્તાઓ અંજલી આપશે. આગામી વરસે બન્ને મંદિરોને રંગકામ, જીર્ણોધ્ધાર કરાવાશે. ભાવિકોને લાભ લેવા યતિશ્રીએ જણાવેલ છે.

## વડાલામાં પૂ.આ.ભ.શ્રીની ૨૪મી પુણ્યતિથિ

અત્રે સંઘમાં પૂ. હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની નિશ્રામાં પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસુરીશ્વરજી મ.સા.ની ૨૪મી પુણ્યતિથિ નિમિતે ત્રિદિવસીય આરાધના થયેલ.

પ્રથમ દિવસે તા.૧૩-૧૦-૧૨ના વ્યાખ્યાનમાં પૂજ્ય શ્રીએ પૂ.આ.ભ.ની જીવન ઝરમરની ઝાંખી વિસ્તારપૂર્વક આપીને ગુણાનુવાદ કરેલ. વાસંતી ગોસર, રમીલાબેન ગાલા તથા પુષ્પાબેન માલદેએ સ્તવનો દ્વારા ગુણગાન ગયેલ. સર્વશ્રી અશોક સોમચંદ, વલ્લભજી નાગડા તથા ઉતમચંદ લક્ષ્મીચંદ લોડાયાએ પોતાની શૈલીમાં પ્રવચન કરી ગુણગાન ગાયેલ. તેમજ પૂજ્યશ્રીના ગુણોનું વર્ણન કરતી પૂજા શ્રી વીર ભગીની મંડળે સંગીતના સથવારે ભણાવેલ. સૌ ભાઈ-બહેનોએ લાભ લીધેલ. શ્રી સંઘ તરફથી રૂા.૧૦ની પ્રભાવના થયેલ.

તા.૧૪-૧૦-૧૨ના પાઠશાળા શિબિરના વિદ્યાર્થીઓ દ્વારા ગુરૂદેવના જીવન આધારીત ઝાંખી કરાવતી દશ્ય-શ્રાવ્ય શ્રેણીની સુંદર રજૂઆત કરવામાં આવેલ. આ નાટિકાનું દિગ્દર્શન શ્રીમતી ભાવીની મનીષ લોડાયા (વારાપધર) એ સફળતાપૂર્વક પાર પાડેલ.

તૃતીય દિવસે તા.૧૫-૧૦-૧૨ના સવારના ૯ કલાકે પૂ.આ.ભ.ના જીવનના આદર્શોને લગતી હાઉસી કમ પ્રશ્નોત્તરીમાં શ્રીમતી પુષ્પાબેન માલદેના સંગાથે શ્રી સંઘના શ્રાવક-શ્રાવિકોઓએ ૨ કલાક સુધી સતત વિવિધ રમતો રમેલ. જેમાં પાંચ ઈનામો રાખવામાં આવેલ. અંતે રૂા.૧૦ની પ્રભાવના થયેલ. દરેક કાર્યક્રમમાં શ્રી સંઘના ભાઈ-બહેનો સારી સંખ્યામાં હાજર રહેલ.

## ક.દ.ઓ. છેડા ગોત્ર પરિવાર

જ્ઞાતિના છેડા ગોત્રના માતાજીના ભુવાજીની ગંધી બદલાવાનો કાર્યક્રમ ચૈત્રી તા.૨૫-૪-૧૩ના સવારે ૧૦ વાગે યોજેલ છે. આ પ્રસંગે માતાજીના સ્થાનક સર્વે ભાવિકોને પધારવા આમંત્રણ છે. ભાવિકોએ પોતાનીરીતે આવવા-જવાની વ્યવસ્થા ગોઠવવી. ત્યાં રહેવા-જમવાની વ્યવસ્થા સમિતિ તરફથી કરવામાં આવશે.

## શ્રી ક.દ.ઓ. મહિલામંચ-અમલનેર

મંચના ઉપક્રમે તા.૨૯-૧૦-૧૨ના ગં.સ્વ. જયાબાઈ ગુલાબચંદ ડાગાના ઘરે સમુહ સામાયિક રાખવામાં આવેલ અને જાપ થયેલ. તેમના તરફથી પ્રભાવના થઈ. તા.૧૫-૧૧-૧૨ના મહાકાળીની ભાવના માણીબાઈ ઉમરશી લોડાયાના ઘરે યોજાઈ. જેમાં મંચની બહેનોએ સારી રમઝટ જમાવી નવા વર્ષની વધાઈ આપી, પ્રસાદ લઈ સૌ છુટા પડ્યા.

## માનવજ્યોત-ભુજ યોજીત મેડીકલ કેમ્પ

માનવજ્યોત ભુજ દ્વારા જી.કે. જનરલ હોસ્પીટલ ભુજનાં સહકારથી શહેરનાં જુદા-જુદા ત્રણ વિસ્તારોમાં યોજાયેલ મેડીકલ કેમ્પનો ૫૦૦ દર્દીઓએ લાભ લીધો હતો.

શહેરનાં જુદા-જુદા વિસ્તારોમાં લોકોની રજુઆતને ધ્યાને લઈ માનવજ્યોત દ્વારા શિયાળાની ઋતુ અને તાવ-શરદી-ઉધરસની બિમારીને ધ્યાને લઈ નિઃશુલ્ક નિદાન કેમ્પોનું આયોજન કરાયું હતું. દર્દીઓને દવાઓ નિઃશુલ્ક અપાઈ હતી.

આ ત્રણે કેમ્પોમાં ૫૦૦થી વધુ દર્દીઓનું ડો. જામ સાહેબ, ડો. માયાબા ઝાલા, દર્દીઓનાં દર્દનું નિદાન કરી, લેબોરેટરી કરી રિપોર્ટ તૈયાર કર્યા હતા. માનવજ્યોત દ્વારા દવાઓ ફ્રી અપાઈ. ઘણાં કાર્યકરો આ કેમ્પમાં મદદરૂપ થઈ સેવા આપી હતી.

## માનવજ્યોત -ભુજ દ્વારા મીઠાઈ વિતરણ

માનવજ્યોત સંસ્થા-ભુજ દ્વારા દાતાશ્રી વિનોદભાઈ સોલંકી, મનોજભાઈ સોલંકી તથા પ્રભાત સેવા ટ્રસ્ટ, ડોંગરેજી મહારાજ ટ્રસ્ટનાં સહયોગથી દિવાળી નિમિત્તે ૪૦૦ જરૂરતમંદ પરિવારોને અડધા કિલો મીઠાઈનાં પેકેટો વિતરણ કરવામાં આવેલ.

## કચ્છમાં સમુહલગ્ન

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા જ્ઞાતિનો સમુહલગ્નોત્સવ આદીપુરમાં યોજાશે. જેમાં ૨૧ યુગલો લગ્નગ્રંથીથી જોડાશે.

સમુહલગ્નોત્સવનાં આયોજન માટે વર-કન્યાપક્ષની એક મીટીંગ એકમ ભવન-ભુજમાં ગ્રુપનાં માર્ગદર્શને શ્રી પ્રબોધ મુનવર, અરવિંદ લોડાયા તથા દિલીપ મોતાની હાજરીમાં મળી હતી. જેમાં વર-કન્યા પક્ષના વડીલો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી પ્રબોધ મુનવરે ઉપસ્થિત વડીલોને ખોટા ખર્ચાથી બચવા અને ઘરે કોઈ પણ કાર્યક્રમો ન યોજવા સમજ આપી હતી. શ્રી અરવિંદ લોડાયાએ લગ્ન નોંધણી અંગેની માહિતીની સમજ આપી હતી.

## શ્રી પ્રબોધ મુનવરનું સન્માન

જાણીતા સામાજિક કાર્યકર અને માનવજ્યોત-ભુજના પ્રમુખ શ્રી પ્રબોધ મુનવરનું જાહેર સન્માન અખિલ ભારત ગુજરાતી સમાજ-દિલ્હી દ્વારા કરવામાં આવેલ. અને માનવસેવા તથા જીવદયાની સર્વશ્રેષ્ઠ કામગીરી બદલ શિલ્ડ એનાયત કરવામાં આવેલ. આ પ્રસંગે ભુજ ટાઉનહોલમાં અગ્રણીઓની વિશાળ હાજરી હતી.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-બેંગલોર

મહાજન દ્વારા નુતન વર્ષાભિનંદનનો કાર્યક્રમ તા.૧૪-૧૧-૧૨ના સાંજે ૪ વાગે માતુશ્રી જવેરબાઈ ધનજી ઘરમશી કચ્છી-ભવનમાં યોજાયેલ. બેંગલોર જયનગર સંકુલમાં પ્રવચન પ્રભાવક, ગચ્છ-ગૌરવ પૂ. મુનિશ્રી દેવરત્નસાગરજી મ.સા.આ.ઠા.૬ને ગુરૂવંદનાર્થે એકત્ર થયેલ. પ્રાસંગિક પ્રવચન તથા માંગલિક સાંભળી. ત્યાં જય નગરે પૂ.સા.શ્રી અર્હદકીરણાશ્રીજી, વિમલકિરણાશ્રીજી આ.ઠા.૫ ને પણ વંદન કરી કચ્છી ભવન તરફ પ્રયાણ કરેલ. સાંજના ૬ કલાકે બેંગલોર મહાજન તથા મહિલામંચ તરફથી આયોજીત કાર્યક્રમમાં જોડાયા. મનન-મેમોરીયલ ટ્રસ્ટ તરફથી દર વર્ષે ધો.૧ થી ૧૦ સુધીનાં જ્ઞાતિના પ્રથમ આવેલ. વિદ્યાર્થીઓઃ રાશી કીન્નર મોમાયા, કુણાલ કેતન શાહ, ધ્વની નીતીન ઘરમશી, નવકાર વિપુલ સોનાવાલા, દેવાંશ વિનોદ શાહ, શ્રુતી રાજેશ મોતા, આયુષ સતીશ શાહ, કેયા વિપુલ સોનાવાલા તથા ચિરાયુષ સંદીપ પટેલને રોકડ ઈનામ આપી તેમનું બહુમાન કરાયું. ત્યારબાદ હાઉઝી ગેમ રમાડેલ. બેંગલોરથી તા.૧૨-૧૨-૧૨નાં છ'રી પાલિત સંઘ પૂ.દેવરત્નસાગરજી મ.સા.ની નિશ્રામાં પ્રસ્થાન કરી તા.૭-૧-૨૦૧૩નાં પેદતુમ્બલમ્ તીર્થ (આંદોની) પ્રવેશ કરશે. જેમાં એક સંઘપતિ તરીકે શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-બેંગલોરે રૂા.૨૫૧૦૦૦ના નકરાથી સંઘપતી તરીકે સહયોગી થયા છે. આ ફંડ માટે મુખ્ય દાતા તરીકે રૂા.એક લાખની રકમ આપનાર પરિવારનું નામ ઉમેરવાની શરતે અપીલ કરવામાં આવતાં માતુશ્રી જવેરબાઈ ધનજી ઘરમશી હસ્તે ખુશાલચંદભાઈ-ડીઆરએલ લોંજીસ્ટીક્સ (બેંગલોર) એ નામ નોંધાવેલ. આ ફંડમાં શ્રીમતી મધુરીબેન નવીનચંદ સોનાવાલા તથા માતુશ્રી નવલબેન દેવજી શાહ પરિવાર દરેકનાં રૂા.૧૦૦૦૦/- તથા શ્રી લક્ષ્મીચંદ માલશી નાગડા, શ્રીમતી પુષ્પાબેન પ્રવીણચંદ્ર લોડાયા, શ્રી દિનેશ મુલજી પીર, શ્રી પરેશ ધનજી ઘરમશી, શ્રી મયુર કાંતિલાલ કુરૂવા તથા શ્રી ઉમેશ મુલરાજ ઝવેરી દરેકનાં રૂા.૫૦૦૦/-નો સહયોગ નોંધાયેલ. આ છ'રીપાલીત સંઘમાં કોઈ પણ જ્ઞાતિજન જોડાઈ શકે છે. અને તે માટે બેંગલોરનાં શ્રી મીતેશ લોડાયા ફોન : ૦૯૮૪૫૪૦૮૧૪૭, શ્રી જયચંદ નાગડા ફોન ૦૯૮૮૬૭૦૬૯૧૨૭, ધર્મનાથ દેરાસરજી પેઢી (૦૮૦) ૨૬૫૪૮૪૯૨ અથવા મુંબઈના શ્રી મેહુલ ઘરમશી-૦૯૩૨૦૪૦૯૦૦૮૭નો સંપર્ક કરી ફોર્મ ભરવા વિનંતી કરાઈ છે. દાંડીયા-રાસની રમઝટ પછી "બેસ્ટ પ્લેયર" પુરૂષવર્ગ તથા સ્ત્રીવર્ગ માટે વય મર્યાદા ૧૦ સુધીમાં યશેશ નાગડા તથા દેવાંશી લોડાયા, ૧૧-૨૦ સુધીમાં આદીત્ય નાગડા તથા અવની ઘરમશી, ૨૧-૫૦ સુધીમાં અંકુર ખોના તથા વૈશાલી ઘરમશી, ૫૧ થી ઉપરનાંમાં શ્રી લક્ષ્મીચંદ નાગડા તથા ધનલક્ષ્મી લાપશીયા "બેસ્ટ વેશભૂષા" માટે ૧૦ સુધીમાં કુણાલ લાપશીયા તથા મારી મોમાયા, ૧૧-૨૦ સુધીમાં પાયલ ઘરમશી તથા કેયા સોનાવાલા, ૨૧-૫૦ સુધીમાં પરેશ ઘરમશી તથા વિરાજ સોનાવાલા, ૫૧ ઉપરનામાં નરેન્દ્ર લોડાયા તથા વિજયા શીયાલ, તદ્ઉપરાંત "બેસ્ટ કપ."નું ઈનામ કલ્પના પ્રફુલ ખોનાને કોઈમ્બતુરથી પધારેલ શ્રી નરેન્દ્ર લાલજી લોડાયા તથા મુંબઈના ડો. જયવંતી કીશોર લાલકાનાં હસ્તે મહિલામંચ તરફથી આપવામાં આવેલ. ત્યારબાદ સ્વરૂચી ભોજન લઈ જ્ઞાતિજનો આનંદની પળોને વાગોળતા છુટા પડ્યા.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-નાંદેડ

મહાવીર નિર્વાણ કલ્યાણક નિમિતે દિવાળીના રાતના ૧૦ થી ૧૨ નવકાર મહામંત્રના જાપમાં સારી સંખ્યા રહી.

તા.૧૪-૧૧ નુતન વર્ષના સવારના ૫.૩૦ વાગે સારી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ સંઘના અતીથીગૃહ પાસે ભેગા થયા જ્યાં પુ.સા. દિવ્યગુણાંશ્રીજી તથા કોટીગુણાશ્રી સાથે વાજતે-ગાજતે સંઘ શ્રી ચંદ્રપ્રભુ જિનાલયે ગયેલ. દ્વારોદ્ઘાટનનો લાભ શા. લક્ષ્મીચંદ શામજી લાપસીયા પરિવારે લીધેલ. પૂજ્યશ્રીની નિશ્રામાં વિધી-વિધાન થયેલ. જયનાદ સાથે ઢોલ અને શરણાઈના સુરે સાથે દ્વાર ઉદ્ઘાટન થયેલ. ચૈત્યવંદન-ગુરૂ ગૌતમસ્વામીને લાડવો નૈવેદ ચડાવી. અનંત લબ્ધીનિધાન ગુરૂ ગૌતમસ્વામીના રાસનું વાંચન થયેલ. તા.૧૫-૧૧ના સવારે સકલ સંઘની હાજરીમાં પુજ્યશ્રીની નિશ્રામાં રાગ-રાગીણી સાથે સ્નાત્રમહોત્સવ સ્નાત્ર પુજા ભણાવવામાં આવી. ત્યારબાદ ગુજરાતી સ્કુલના કમ્પાઉન્ડમાં શ્રી સંઘનું સ્નેહમિલન, નુતન વર્ષ અભિનંદનની આપ-લે કરી, નવકારશીનો લાભ લીધો. આ કાર્યક્રમના સૌજન્યદાતા શા. ચીમનલાલ હંસરાજ ઘરમશી પરિવાર હતા. શ્રી જૈન મિત્રમંડળે આયોજન કરેલ. રાત્રે શા. ગોવિંદજી આણંદજી નાગડા પરિવાર તરફથી મહાકાળી માતાજીની ભાવના ભણાવાઈ.

ભાવના બાદ ૫૧ પ્રતિક્રમણ પુર્ણ કરનાર ૨૨ શ્રાવિકા તથા વર્ધમાન તપનો પાયો નાખનાર નવ તપસ્વીઓની સંઘ વતી બહુમાનપુર્વક અનુમોદના કરવામાં આવી.

અત્રે નાંદેડ ગુજરાતી સમાજના અધ્યક્ષ પદે નિમાયેલ શ્રી કેતન કુલીનકાંત નાગડા તથા ઉપાધ્યક્ષપદે નિમાયેલ શ્રી હીરાચંદભાઈ નેણશી લોડાયાનું શ્રી જૈન મિત્ર મંડળ વતી શાલ-શ્રીફળ, પુષ્પગુચ્છથી બહુમાન કરાયું અને અભિવાદન કરી શુભેચ્છાઓ અપાઈ.

શ્રી જૈન મિત્ર મંડળ દ્વારા તા.૧૨-૧૨-૧૨ના સવારે ૯ વાગે નવકાર મહામંત્ર સામુહીક જાપ સમસ્ત શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી (ત્રણે સંઘ)માં નાંદેડ ભુષણ ડો. સાંજણેની ભજન મંડળીના સથવારે રહેશે.

### મૈશેરી ગોત્ર પરિવાર–જખૌ

જ્ઞાતિના મૈશેરી ગોત્રના કુળદેવી આશાપુરામાને નમતા ભાવિકો દ્વારા જખૌ સ્થાનકે માતાજીના મંદિરનો જિર્ણોધ્ધાર કરાયો અને લાભ પાંચમ તા.૧૮-૧૧-૧૨ના દેવ-દેવીની આરસની નૂતન પ્રતિમાઓની વિધિસર સ્થાપના પ્રતિષ્ઠા થઈ. આ પ્રસંગે મૈશેરી ગોત્રના ૩૫ ભાવિકોની સારી હાજરી રહી. ભુઈમાં રાજુલબેન રમેશ મૈશેરીએ માર્ગદર્શન કર્યું.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન–ગદગ

મહાજનજશ્રીની વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૪ માટેની કારોબારી સમિતિની રચના કરવાં આવી. પ્રમુખઃ શ્રી નવીનચંદ શામજી લાલકા, ઉપપ્રમુખઃ શ્રી હરીશ શિવલાલ મુનવર માનદમંત્રીઃ શ્રી સતીશ પ્રવીણચંદ લુઠીયા, સહમંત્રીઃ શ્રી મેહુલ મણીલાલ નાગડા, કારોબારી સભ્યોઃ સર્વશ્રી વિરેન્દ્ર પદમશી લોડાયા, વિજય પ્રવીણચંદ લુઠીયા, સુધીર જવેરચંદ સોની, વિપુલ નરેન્દ્ર લુઠીયા, ભરત લાલજી લોડાયા, વિપિન રતિલાલ મોતા, ભરત ડુંગરશી છેડા, જીતેન્દ્ર દિલીપ નાગડા, રવિન્દ્ર કુંવરજી લોડાયા, રાજેશ મણીલાલ છેડા, કો. સભ્યો શ્રીમતી નીતા ભરત લોડાયા, શ્રીમતી દીપ્તી મોનેશ લુઠીયા, શ્રીમતી કલ્પના વિપિન મોતા તથા શ્રીમતી વિમલા સંજય મોતા નીમાયા. તે ઉપરાંત હોદાની રૂએ શ્રી દિનેશચંદ કુંવરજી લોડાયા તથા શ્રી ચંદ્રકાંત લાલજી લોડાયા અનુક્રમે શ્રી સી.ડી.ઓ. જૈન સ્કૂલનાં પ્રમુખ તથા સેક્રેટરી નીમાયા. સર્વે પદાધિકારીઓ તથા સભ્યોને હાર્દિક અભિનંદન!

આસો માસની શાશ્વતી આયંબિલની ઓળી માતુશ્રી મમુબાઈ વેલજી નાગડા પરિવાર તરફથી મહાજનશ્રીનાં ઉપક્રમે તા.૨૧ થી ૨૯-૧૦-૧૨ સુધી મહાજનવાડીમાં કરાવવામાં આવી. સહ પ્રાયોજકો તરીકે ૩૨ ભાઈ-બહેનોએ આર્થિક સહયોગ આપેલ. ૧૦ જણાંએ ઓળી આરાધના કરી. કુલ ૧૫૦ આયંબિલની તપસ્યા થઈ. શા. પ્રદીપ વેરશી સાયલા (વાપી) તથા અન્યો તરફથી દરરોજ પ્રભાવના કરવામાં આવી હતી. આયંબિલની સંપુર્ણ જવાબદારી સહાયકો સાથે સુપેરે સંભાળનાર શ્રીમતી વિમલા સંજય મોતાનું તથા વ્યવસ્થામાં મદદરૂપ થનાર ૧૦ ભાઈ-બહેનોનું મહાજનશ્રી તરફથી સન્માન કરાયું હતું.

### તેરામાં ભક્તિ અનુષ્ઠાન

તેરામાં પૂ.સા.શ્રી જયધર્માશ્રીજી મ.સા.ની નિશ્રામાં શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથની ભાવયાત્રા યોજવામાં આવેલ. જે ભાવયાત્રા પૂ. મુક્તિશ્રીજી મ.સા.ની ૩૦મી પુણ્યતિથિ, પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની છઠી પૂણ્યતિથિ નિમિતે યોજાયેલ. શ્રી કિશોરભાઈ સાંયાએ ભાવપૂર્વક તેરાથી શંખેશ્વર સુધીની ભાવયાત્રા કરાવેલ. સૌ ભાવિકોના હૃદય એ ભાવયાત્રામાં આવતી ચારે ગતીઓ તિર્યંચગતિ, નરકગતિ, દેવગતિ અને મનુષ્યગતિમાં તરબોડ થઈ ભાગ લીધેલ.

સ્તવનોમાં શ્રી મનસુખભાઈ શેઠે સુંદર કંઠ ધ્વારા સ્તવનો ગાઈ ભાવયાત્રામાં અનેરો રંગ લાવેલ.એમની સાથે તેરાના ભાઈ-બહેનો અને નલીયાના નરેન્દ્રભાઈ મોમાયાએ કંઠમાં સાથ આપેલ. સંઘ તરફથી પ્રભાવના અને સાધર્મિકભક્તિ રાખવામાં આવેલ.

શ્રી કીર્તીભાઈએ આ ભાવયાત્રા કરાવવા બદલ સંઘવતી શ્રી કિશોરભાઈ સાંયા તેમજ શ્રી મનસુખભાઈ શેઠનો આભાર માનેલ. શ્રી રમેશભાઈ દંડના હસ્તે એમનું શાલ ઓઢાળી બહુમાન કરાયેલ.

### શ્રી ક.દ.ઓ. જૈન એકતા મહિલા મંડળ–ગાંધીધામ

મહિલા મંડળ દ્વારા સતત ચોથા વર્ષે ગાંધીધામમાં એકિઝબિશન કમ સેલ યોજાયું.

પ્રદર્શનનું ઉદ્ઘાટન મહાજનના પ્રમુખ શ્રી મિતેશ ધરમશી, સાર્થક મંડળના પ્રમુખ મિતેશ મોતાના હસ્તે કરાયું. વિવિધ ઉદ્યોગો દ્વારા સ્વાવલંબી બનવા ઈચ્છતી મહિલાઓને પ્રોત્સાહન આપી એક મંચ પુરૂં પાડવાના હેતુથી આ કાર્યક્રમ યોજાયેલ. પ્રદર્શનમાં ડ્રેસ મટીરીયલ સાડી કૂર્તી, મોતી વર્ક, ક્લે આર્ટ, કટલેરી આઈટમ, બાળકોના રમકડાં, હેલ્થકેર પ્રોડક્ટસ તથા ખાવાની અવનવી વાનગીઓ સહિતના સ્ટોલ રાખવામાં આવ્યા હતા. શહેરીજનોઓ બહોળી સંખ્યામાં મુલાકાત લીધી હતી. આ પ્રસંગે સમાજના અગ્રણી સર્વશ્રી મહેશ લાલકા, પદમશીભાઈ લાલકા, કવિ તેજ, સોમચંદભાઈ નાગડા, કાંતિલાલ મોતા, લક્ષ્મીચંદભાઈ દેઢિયા, રાજેશ મૈશેરી

તથા અનિલભાઈ નાગડા વગેરે પધારેલ. આયોજનમાં મીના લાલકા, કલ્પનાબેન મોતા, દિપ્તીબેન ધરમશી, ભાવિની દંડ, પદમીનીબેન નાગડા, લતા નાગડા, દિપીકા મૈશેરી, તરલા ધરમશી, નિર્મલાબેન લાલકા તથા કસ્તુરીબેન નાગડાએ સુંદર સહયોગ આપી જહેમત લીધેલ.

### શ્રી કેતન કુલીનકાંત નાંદેડ ગુજરાતી સમાજના પ્રમુખપદે

ગુજરાતી સમાજની હાલમાં યોજાયેલ ચુંટણીમાં પ્રમુખ પદે શ્રી કેતન કુલીનકાંત નાગડાની સર્વાનુમતે આગામી ૫ વર્ષ માટે વરણી કરવામાં આવી. ઉપપ્રમુખપદે શ્રી હિરાચંદ નેણશી શાહ અને વિશ્રામભાઈ ગોરી, માનદમંત્રીપદે શ્રી શાંતિભાઈ પટેલ, સહસચિવપદે જિતેન્દ્રભાઈ ચવ્હાણ, ખજાનચી પદે શ્રી સુરેશભાઈ સાંગાણીની વરણી થઈ છે. કારોબારી સભ્યો તરીકે સર્વ શ્રી દિપકભાઈ દામા, લક્ષ્મીકાંતભાઈ ગણાત્રા, ભાવેશભાઈ શાહ, મુકેશભાઈ પટેલ તથા ચેતન ચવ્હાણ નીમાયા. સમાજનાં યુવા પ્રમુખ શ્રી કેતનભાઈએ જણાવ્યું હતું કે અહીં ગુજરાતી સમાજ ભલે નાનો છે પણ સમાજના ઉત્કર્ષ અને વિકાસ માટે ઘણાં કાર્ય અમારી ટીમ કરશે. ખાસ કરી બાળકોનું શિક્ષણ, મહિલાઓની પ્રવૃત્તિઓ અને મેડીકલ સેવા બાબત ખાસ ધ્યાન અપાશે. પર્યાવરણ સંરક્ષણ વૃક્ષારોપણ, રક્તદાન શિબીર જેવા ઉપયોગી કાર્યો કરવામાં આવશે. વિવિધ સમાજનાં મુરબ્બીઓ સર્વશ્રી બાબુભાઈ ઠક્કર, વિરજીભાઈ ભાનુશાલી, શ્રી શંબુભાઈ પટેલ, શામજીભાઈ ગણાત્રા, જ્ઞાતિના શ્રી જયંતીભાઈ નાગડા તથા ગુજરાતી શિક્ષણ સંસ્થાનાં અધ્યક્ષ કરસનભાઈ પટેલ, સચિવ પ્રવિણભાઈ પટેલ અને નવરાત્ર મહોત્સવ સમિતિના અધ્યક્ષ કિશોરભાઈ સુરતવાલા વગેરે અનેક મહાનુભાવોએ શ્રી કેતનભાઈને પ્રમુખપદે ચુંટાવા બદલ હાર્દિક વધામણાં અને અભિનંદન વર્ષા કરી હતી. નાંદેડ ગુજરાતી સમાજમાં એક જાગૃતિ અને ચેતનાની લહેર પ્રસરી છે.

### પાલી તીર્થે ધર્મ આરાધના

પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના જન્મશતાબ્દિ વર્ષે પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. તથા પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના આશિર્વાદે દાદા સાહેબ શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા.ની જન્મભૂમિ પાલી નગરે પૂ. મુનિરાજ શ્રી કમલપ્રભસાગરજી મ.સા.આ.ઠા.પની નિશ્રામાં ચાતુર્માસ અનેરા ઉલ્લાસે થવા પામ્યું.

માત્ર ૩૫-૩૭ ઘરોના નાનકડા અચલગચ્છ સંઘ-પાલીમાં, વ્યાખ્યાન દરમ્યાન ૩૫૦થી ૪૦૦ની સંખ્યા રોજે રહી. જ્ઞાતિના ગૌરવ સમા, નલિયાના ખોના પરિવારના રત્ન પૂ. મુનિરાજ શ્રી હ્રીંકારસાગરજી મ.સા. ૮૦ વર્ષની જૈફ ઉમરે ૭૮ અને ૭૯ ઓળી સળંગ ૧૫૯ દિવસ આયંબીલ કરી. તા.૨૯-૧૧-૧૨ના પારણું કરશે. પૂજ્ય મુનિશ્રીએ સં.૨૦૩૬થી નિરંતર બ્યાસણાંથી ઓછું તપ કરેલ નથી. અપ્રમત આરાધક પૂજ્યશ્રીની સાથે યુવા તપસ્વી મુનિશ્રી સદાનંદસાગરજી મ.સા.૫૧ અને ૫૨મી ઓળી સળંગ કરી. ૧૦૫ દિવસના આયંબીલ કરેલ.

### શ્રી ગૌતમ ગુણવિહાર તીર્થે તપ-જપ મહોત્સવ

તીર્થ પ્રેરક પૂ. મુનિશ્રી કમલપ્રભસાગરજી મ.સા.ની નિશ્રામાં તા.૧૭-૧-૧૩ થી ૧૫-૨-૧૩ સુધી માસક્ષમણ, સોળભત્તા, અઠ્ઠાઈની સાંકળ સહ અઠ્ઠમ સાંકળ અને ૩૦ દિવસ આયંબીલ કરનાર ૩૬ ભાગ્યશાળી લેવામાં આવશે. આ તપોત્સવની સાથે સવા કરોડ જાપનું અનુષ્ઠાન થશે. પાલી તીર્થે રહી તપસ્યા કરવા સર્વેને આમંત્રણ છે.

### તીર્થ મૂળનાયક પ્રગટીકરણ પરમોત્સવ

શ્રી ગૌતમગુણ વિહાર તીર્થ-પાલીમાં ૧૦૦'×૧૭૦'ના વિશાળ જિનાલયના મૂળનાયક (૯૧.૯ ઇંચના) શ્રી શંખેશ્વર દાદા તથા ભૂતલ મૂળનાયિકા શ્રી પદ્માવતીમા (૬૫ ઇંચના) ના શુભારંભ ટાંકણા તા.૧૭-૧-૧૩ ગુરૂવારે થશે. ૧ મહિનો ચાલનાર આ ઘડાઈ દરમ્યાન પ્રગટનાર પરમાત્મામાં ભાવ પ્રાણ પૂરવા તપ-જપ આરાધના કરાવાશે.

તા.૧૮-૧-૧૩ના ૧૦૮ જોડાસહ શ્રી પાર્શ્વપદ્માવતી પૂજન ભણાવાશે.

પરમાત્માના ટાંકણા મુહૂર્તમાં બીજા દિવસે તા.૧૮-૧-૧૩ ૧૦૮ સજોડે પાર્શ્વ પદ્માવતી મહાપૂજન અનેરા ઠાઠથી ભણાવાશે. (લાભાર્થી જોડીનો નકરો રૂા.૩૬૦૦ છે) સકલ સંઘને પાલી તીર્થે પધારવા આમંત્રણ છે. વિશેષ જાણકારી માટે સંપર્ક શ્રી એલ.યુ. શાહ (જખૌ-મુલુંડ)

### કવિ તેજ દ્વારા "વાવલ"ની તૈયારી

કચ્છી કવિ 'તેજ' દ્વારા આગામી કાવ્યસંગ્રહ 'વાવલ' માટે તૈયારી ચાલુ છે. 'વાવલ' એટલે કચ્છી સમુહ રાસનું દાગીનું છે. આ રાસ ખાસ કરીને બન્ની પ્રદેશ અને માંકપટમાં રમાય છે. એ રાસ હોંશથી ફક્ત હાથના હલકારાથી રમાય છે. આ લોકપ્રિય રમત ખરેખર માણવા જેવી છે. આ કાવ્ય સંગ્રહમાં નવા કચ્છી કાવ્યોનું સંકલન કરાશે. આ કાવ્ય સંગ્રહ જ્ઞાતિના સાહિત્યરસિક દાતા શ્રી કિરીટ લક્ષ્મીચંદ લાપસીયાના સૌજન્યથી પ્રકાશિત થશે અને કવિ તેજ કિરીટભાઈના ઉદાર સહયોગ અને ઋણ સ્વીકાર રૂપે તેમને અર્પણ કરશે.

## શ્રી ક.દ.ઓ. જૈન યુવક મંડળ-ગાંધીધામ

સાર્થક મંડળ-ગાંધીધામ દ્વારા તા.૯-૯-૧૨ના બૃહદ ગાંધીધામ વિસ્તારમાં વસતા જ્ઞાતિજનો માટે આર્યસમાજ હોલ, વૈદિક સંસ્કાર કેન્દ્રમાં બપોરે ૧ વાગ્યાથી "વિદ્યારત્ન એવોર્ડ-૨૦૧૨"નું કાર્યક્રમ યોજાયેલ.

આ શૈક્ષણિક સમારોહ પ્રસંગે જ્ઞાતિના વડીલ કાર્યકર, સમાજસેવાના ભેખધારી અને ગાંધીધામ મહાજનના ભુતપુર્વ પ્રમુખ શ્રી પદમશી લખમશી લાલકાનું મંડળ દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ. તેમણે આ કાર્યક્રમનું પ્રમુખસ્થાન શોભાવ્યું હતું. તેમજ આ કાર્યક્રમના મુખ્ય દાતાઓમાં પ્લેટીનમ દાતા શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ પરિવાર, હા. શ્રીમતિ સીમાબેન લબ્ધીકુમાર મોમાયા, ડાયમંડ દાતા શ્રી ખીમજી ચત્રભુજ લાલકા પરિવાર, ગોલ્ડન દાતા માતુશ્રી સોનબાઈ દામજી વિકમશી પરિવાર હા. હરેશ વિકમશી, સિલ્વર દાતા શ્રી હરીશ દામજી ખોના, શ્રી નરશી ખેતશી લોડાયા પરિવાર હા. નિરંજન લોડાયા, શ્રી કુલીનકાંત ભોજરાજ લોડાયા પરિવાર હા. જયેશ લોડાયા તથા પ્રથમ ઇનામના સહયોગી દાતા માતુશ્રી નવલબેન ઠાકરશી લોડાયા હા. નવદીપ ફર્નિચર તથા ભુજ અને અબડાસા સિવાયના વિસ્તારના ઇનામોના સહયોગી દાતા શ્રી મહેશભાઈ લાલકા, મહાજનના પ્રમુખ શ્રી મિતેશભાઈ ધરમશી તથા તે સિવાયના નાના-મોટા તમામ દાતાઓના સાથ-સહકારથી આ કાર્યક્રમ સારી રીતે પાર પડેલ. સર્વે મુખ્ય દાતાશ્રીઓનું મંડળ દ્વારા સન્માન કરી અને તેમનો આભાર માનવામાં આવેલ. દાતાશ્રીઓ વરદ હસ્તે તેજસ્વી તારલાઓ તથા વિશિષ્ટ સિધ્ધી મેળવનાર સભ્યોનું સન્માન કરવામાં આવેલ.

## ગદગમાં સમુહમાં સરસ્વતી અને લક્ષ્મી પૂજન

આ વર્ષે પ્રથમવાર ગદગમાં દિવાળીએ તા.૧૩-૧૧-૧૨નાં સાંજે શુભમુર્હતે સામૂહિક ચોપડાપૂજન કરવામાં આવેલ. આ દિવાળી પૂજનમાં શ્રી ક.દ.ઓ. જૈન મહાજન, શ્રી નવીનચંદ શામજી લાલકા, શ્રી હરીશ શિવલાલ મુનવર, શ્રી સતીશ પ્રવીણચંદ લુઠીયા, શ્રી મેહુલ મણીલાલ નાગડા, શ્રી દિનેશચંદ કુંવરજી લોડાયા, શ્રી કાંતિલાલ પદમશી મોતા, શ્રી જીતેન્દ્ર દિલીપ નાગડા, શ્રી વિજય પ્રવીણચંદ લુઠીયા, શ્રી ભરત શીવજી કારાણી, શ્રી દીપક જયચંદ ખોના, શ્રી નરેન્દ્ર રતનશી લુઠીયા, શ્રી પરેશ શાંતિલાલ નાગડા, શ્રી મહેન્દ્ર તથા શ્રી હિતેન્દ્ર ખીમજી વીરાએ સાથે મળી ભાગ લીધેલ.

આ સમુહ પુજનની નવી પ્રણાલિકાને સમાજમાં દરેકનો સુંદર સાથ અને સહકાર પ્રાપ્ત થયેલ. આ પ્રથાથી સૌના સમય, મહેનત અને ખર્ચમાં બચત થયેલ. બહોળી સંખ્યામાં આમંત્રિતોનો પરિચય થયો. પુજનના અંતે અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ. યુવાઓએ ફેસબુકપર આ પ્રસંગની તસ્વીરો મોકલાવેલ.

આ પૂજનમાં આયોજન માટે મહાજનશ્રીએ તથા વ્યવસ્થા માટે શ્રી દિનેશભાઈ લોડાયા, શ્રી વિપુલ લુઠીયા, શ્રી રવિન્દ્ર લોડાયા, શ્રી કુમારપાલ લાલકા તથા શ્રી વિપુલ મોતાનો સારો સાથ સહકાર પ્રાપ્ત થયેલ.

## વતનના વાવડ

માદરે વતન કચ્છ ભુકંપ બાદ દિન પ્રતિદિન વિશેષ પ્રગતિ કરતું રહ્યું છે. રાજ્ય સરકારના પ્રયત્નોથી વિકાસની તક સાર્થક કરાઈ છે.

દિવાળી વેકેશન હોઈ અનેક સામાજિક-ધાર્મિક કાર્યક્રમો પ્રસંગે કચ્છમાં યાત્રિકોની આવન-જાવન વધી છે. રેલ્વેટિકીટો અને અતિથીગૃહો માટે અભુતપુર્વ ધસારા જોવા મળ્યો. રણોત્સવ પ્રસંગે પણ પ્રવાસીઓ કચ્છ ઉમટ્યા હતા. હોટેલો, અતિથીગૃહો, ધર્મશાળાઓમાં આવાસ વ્યવસ્થા ઉભરાઈ હતી. કચ્છની ૩-૪ ટ્રેનો હોવા છતાં ટિકીટ રીઝર્વેશન માટે મુશ્કેલી નોંધાઈ હતી. તીર્થ સ્થળો, દેવ-દેવી સ્થાનકો ધમધમ્યા હતા. કચ્છમાં નવા જોવાલાયક સ્થળો વધતાં પ્રવાસી જનતાએ નૂતન વિકસીત કચ્છની પ્રગતિ માણી હતી.

નલીયા-દેશલપર માર્ગ ફોર ટ્રેક બનાવવા અને નર્મદાના નીર અબડાસામાં પહોંચે તેવી માંગ કરાઈ છે.

"કચ્છ જી કોયલ" લોકગાયિકા ધનબાઈ ગઢવીનું તા.૧૮-૧૧-૧૨નાં નિધન થયું. તેમણે આકાશવાણી સુરવાણી અને ડાયરાના માધ્યમે કચ્છી ગીતોને લોકપ્રિય બનાવ્યા હતા. કચ્છમાં સ્થાપિત ૩૫૦ લોક કલાકાર ગાયકોના સંગઠનમાં તેઓ સક્રિય હતા. અનેક ગુજરાતી ફિલ્મોમાં તેમણે કંઠ આપી કચ્છી ગીતોને અમર બનાવ્યા છે.

નલીયામાં ઠંડી શરૂ થઈ છે ઉષ્ણતામાન ૧૦ થી ૧૨ ડીગ્રી રહે છે. કચ્છમાં નૂતનવર્ષના પ્રારંભે અસલ કચ્છી રમતો યોજીને ઉજવણી કરાઈ.

બિદડા સર્વોદય ટ્રસ્ટને તા.૩-૧૨-૧૨ના રાષ્ટ્રપતિના હસ્તે રાષ્ટ્રીય એવોર્ડ અપાશે. આ સાર્વજનિક હોસ્પીટલમાં વરસે હજારો દરદીઓને ઉત્તમ તબીબી સેવા અપાય છે. અને વિકલાંગ-મુક બધિર અપંગોને શ્રેષ્ઠ સેવા આપી માનવતાની જ્યોત પ્રગટાવી છે.

કચ્છમાં આ દિવાળીએ ૮૦ કરોડના બેચક્રી વાહનો અને કારો બુક કરાઈ. તેમજ બે ટન જેટલું સોનું ખરીદી કરાયું જે આર્થિક પ્રગતિનો સુચકાંક છે.

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **જશમુખ પોપટલાલ દંડ** | શ્રી કુલદેવી કૃપા, ઈ-૨૭/૨૮ પ્રભુકૃપા, ચાણક્યપુરી ન્યુ સમા રોડ, વડોદરા - ૩૯૦ ૦૨૭. |
| **દેવશી રતનશી પોલડીયા** | સી-૨, ન્યુ નટરાજ બીલ્ડીંગ ૬, રૂસ્તમસાગર, રેતીબંદર રોડ, ચેમ્બુર, મુંબઈ-૪૦૦૦૮૯. |
| **નીતા ગજેશ ડાઘા** | ૩/૬૨ અનંત નિવાસ, ૨૬૨/૭૦ નરશી નાથા સ્ટ્રીટ, ભાતબઝાર, મસ્જીદબંદર, મુંબઈ-૪૦૦૦૦૯ |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

| | | | |
|---|---|---|---|
| જશમુખ પોપટલાલ દંડ-વડોદરા | ૯૯૭૯૮૭૧૪૭૯ | ઈલા જશમુખ દંડ-વડોદરા | ૯૮૨૫૮૩૨૧૧૧ |
| હાર્દિક જશમુખ દંડ-વડોદરા | ૮૯૮૦૪૧૯૪૧૯ | નીતા ગજેશ ડાઘા-મસ્જીદબંદર | ૯૩૨૨૩૯૯૦૩૦ |
| ગજેશ ડાઘા-મસ્જીદબંદર | ૭૪૯૮૧૯૯૭૭૫ | પ્રિયાંક ગજેશ ડાઘા-મસ્જીદબંદર | ૯૩૨૦૧૧૭૨૩૮ |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.ફુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૭-૧૧-૧૨ | અંધેરી | KRMT090303 | તેજ-કુણાલ અનિલ મોતા | કોઠારા | પુત્ર |
| ૧-૧૧-૧૨ | પુના | DFLA010101 | વૃતિ-સંદીપ જીતેન્દ્ર લાલકા | ધ્રાફા | કન્યા |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫-૧૧-૧૨ | કાંજુરમાર્ગ | VRVK010303 | ગૌરવ મહેન્દ્ર નવીનચંદ્ર વિકમશી | વરાડીયા | ૨૯ |
| | ઔરંગાબાદ | LLDD0120203 | જયતી ભરત ટોકરશી દંડ | લાલા | ૨૩ |
| ૧૬-૧૧-૧૨ | ડોંબિવલી | LLMA050504 | જીગર ભરત નારાણજી મૈશેરી | લાલા | ૨૪ |
| | હૈદરાબાદ | SDDD090904 | નેહા ગીરીશ રતનશી દંડ | સાંઘવ | ૨૨ |
| ૧૮-૧૧-૧૨ | બેલગામ | JKNG120503 | પાર્થ નરેશ હીરાચંદ નાગડા | જખૌ | ૨૮ |
| | વાશી | VKKN010404 | પ્રાચી કિરણ સોમચંદ ખોના | વાંકુ | ૨૫ |
| ૨૦-૧૧-૧૨ | યવતમાલ | NLLO100304 | મેહુલ ભરત માણીલાલ લોડાયા | નલીયા | ૨૭ |
| | મુલુંડ | JKKN020503 | ધારા રાજેશ આણંદજી ખોના | જખૌ | ૨૩ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫-૧૧-૧૨ | દહીસર | RAKN010703 | પ્રિતેશ કાંતિલાલ ડાહ્યાલાલ ખોના | રંગપુર | ૨૬ |
| | કલકત્તા | A | રાજેશ્રી શીશીરકુમાર જાના | કલકત્તા | ૨૪ |
| ૧૧-૧૧-૧૨ | જલગામ | BRLO010504 | મયુર પ્રવિણ ગોવિંદજી લોડાયા | બારોઈ | ૩૧ |
| | સનાવદ M.P. | A | કનિકા રમેશ જતાલે | - | ૩૧ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૮-૧૧-૨૦૧૨ | U.S.A. | A | ગોકુલ હુમાગાયન ખટમંડુ | નેપાલ | ૩૨ |
| | U.S.A. | KRDD010903 | નમ્રતા પ્રફુલ ધનજી દંડ | કોઠારા | ૨૯ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫-૧૧-૧૨ | રાપર | BYLO030101 | માનબાઈ જવેરચંદ રામજી લોડાયા | બાયઠ | ૯૧ |
| ૧૬-૧૧-૧૨ | ગદગ | MJDD030101 | લક્ષ્મીબાઈ લઘુભાઈ માણેકજી દંડ | મંજલ | ૭૮ |
| ૧૬-૧૧-૧૨ | ઘાટકોપર | KRLO131001 | વિજય વિશનજી જેઠાભાઈ લોડાયા | કોઠારા | ૭૧ |
| ૧૬-૧૧-૧૨ | અમેરિકા | SMMA020201 | હેમેન્દ્ર વેલજી લાલજી મૈશેરી | મોટી સીંધોડી | ૬૮ |
| ૨૧-૧૧-૧૨ | મુલુંડ | SDLO011102 | કલ્પના ભવાનજી રાઘવજી લોડાયા | સાંઘવ | ૫૯ |
| ૨૪-૧૧-૧૨ | ખંડવા | NLLO | પ્રેમીલાબાઈ મુલજી લોડાયા | નલીયા | ૭૪ |

# અશ્રુભીની શ્રદ્ધાંજલિ

મનુષ્ય ગતિમાં અવતરણ
તા. ૧૧-૧૦-૧૯૪૪



મોક્ષ ગતિ ઊર્ધ્વારોહણ
તા. ૧૬-૧૧-૨૦૧૨

## સ્વ. ભાઈ હેમેન્દ્ર વેલજી મૈશેરી

(મોટી સીંધોડી – અમેરીકા)

જીવન રૂપી બાગમાં પુષ્પ બની ખીલી ગયો, થઈને ધૂપસળી સર્વત્ર સુવાસ પ્રસરાવી ગયો .....
જીવન એવું જીવી ગયો જે કદી ભૂલાય નહીં, વિદાય એવી લીધી જે કદી વિસરાય નહીં .....
વટવૃક્ષ સમાન વિશાળ કુટુંબમાથી તારી વિદાય ભુલાતી નથી,
સમય વિતતો ચાલ્યો જાય છે, પણ તારી યાદ સરતી નથી.
સાદગી જેનો સ્વભાવ, પરિશ્રમ જેનો પારસમણિ, સત્યનિષ્ઠા જેની નીતિ,
એવા વાત્સલ્ય મૂર્તિ, ધર્મોનુરાગી, દિવ્ય આત્માને કોટિ કોટિ પ્રણામ
તારી વિદાયથી અમે ગુમાવ્યો છે એક આત્મીય ભાઈ, એજ ખરો પડધો છે, જીંદગીનો ભાઈ
કે ન હોય માણસ અને નામ બોલાયા કરે.
મહેનતની કર્મભૂમિ પર સાદગીનું બીજ વાવી, પ્રામાણિકતાનું પાણી પાઈ, સુંદર ઉપવન બનાવી
કુટુંબ માટે એક દ્રષ્ટાંતરૂપ જીવન, મૃત્યુ ને પણ મહોત્સવ બનાવી ગયો
તારા દિવ્ય આત્માને પ્રભુ શાશ્વત અને પરમ શાંતિ બક્ષી મોક્ષગામી બનાવે
એવી તારી બહેન......મધુકાન્તા લહેરચંદ લોડાયા ની ભાવભીની પ્રાંજલ પ્રાથના.

## સ્નેહભરી યાદોમાં સદાય શોકાતુર

પત્ની – પ્રેમિલા હેમેન્દ્ર મૈશેરી
દીકરી – હીના
દોહીત્રી – નીલીમા
સસરા – ઠાકરશી રામજી ભાટે
સાળા – મુકેશ ઠાકરશી ભાટે
સાળી – પ્રતિભા મુકેશ ઠાકરશી ભાટે

નાનાજી – ધનજી નરશી અજાણી
દાદાજી – લાલજી ખીંયરાજ મૈશેરી
દાદીમા – પુનબાઈ લાલજી મૈશેરી
પિતા – વેલજી લાલજી મૈશેરી
માતાજી – કસ્તુરબેન વેલજી મૈશેરી
ભાઈ – દિનેશ વેલજી મૈશેરી
ભત્રીજા – કેતુલ, રાહુલ, હર્ષિલ, સોમીલ
ભત્રીજી – સ્નેહલ

બહેનો – બનેવીઓ
મનોરમા – જીવરાજ દંડ, હૈદ્રાબાદ
મધુકાન્તા – લેહરચંદ લોડાયા, ગદગ
ચંદ્રિકા – બંકીમ ખોના, અંધેરી
ધનલક્ષ્મી – ચીમનલાલ ધરમશી, નાંદેડ
સરલા – ચંદ્રકાંત ધરમશી, ઉજ્જૈન
હેમલતા – ઠાકરશી લાલકા, પરભણી
ભાણેજ – અજય, ભુપેશ, હીમાંશુ
ભાણેજીઓ – પ્રીતિ, જાગૃતિ, ઝરણા
અમીષા, ટીના, અવની, આરતી, પુર્વી

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# હાર્દિક અભિનંદન !



**શ્રી કેતન કુલિનકાંત ગોવિંદજી નાગડા**
(તેરા-નાંદેડ)

આપશ્રીની નાંદેડ ગુજરાતી સમાજના પ્રમુખપદે સર્વાનુમતે નિમણુંક થઈ છે એ ગૌરવવંતા માન બદલ હાર્દિક અભિનંદન.

ભવિષ્યમાં પણ આપની કાબેલીયત અને યુવા નેતૃત્વનો ગુજરાતી સમાજ અને જ્ઞાતિના ઉત્કર્ષ માટે લાભ લેવાય અને એ જવાબદારી-કાર્ય દીપાવવા સર્વથા શક્તિ મળે તેવી શુભેચ્છાઓ...

*** શુભેચ્છક ***

**શ્રી બાબુભાઈ કલ્યાણજી કેશવજી ઠક્કર** (મુરબ્બી-ગુજરાતી સમાજ)
**શ્રી વિરજીભાઈ ભાનુશાલી** (અધ્યક્ષ-ભાનુશાલી સમાજ)
**શ્રી શામજીભાઈ ગણાત્રા** (અધ્યક્ષ-લોહાણા સમાજ)
**શ્રી કિશોરભાઈ સુરતવાલા** (અધ્યક્ષ-નવરાત્ર મહોત્સવ સમિતી)
**શ્રી જયંતીભાઈ ગોવિંદજી નાગડા** (અધ્યક્ષ-ક.દ.ઓ. જૈન સમાજ)
**શ્રી કરસનભાઈ પટેલ** (અધ્યક્ષ-ગુજરાતી શિક્ષણ સંસ્થા)
**શ્રી પ્રવિણભાઈ પટેલ** (સચિવ-ગુજરાતી શિક્ષણ સંસ્થા)
**શ્રી શ્રેણિક ભરત નાગડા** (સદસ્ય-ગુજરાતી શિક્ષણ સંસ્થા)

॥ જય જય શ્રી શાંતિનાથ... જય જય શ્રી વિમલનાથ... ॥



## શ્રી દિપેશ પ્રબોધ મુનવરના મહાન માસક્ષમણ તપની ખૂબ ખૂબ અનુમોદના...

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા.ની અનરાધાર વરસતી આશિષધારાએ શ્રી દિપેશ પ્રબોધ મુનવરે ૩૧ ઉપવાસ સાથે માસક્ષમણ તપ શાતાપુર્વક પરિપૂર્ણ કરેલ. વર્ધમાનનગરમાં પૂ. ગુરૂભગવંતશ્રીનાં ચાતુર્માસ દરમ્યાન ચોમાસી છઠ, શંખેશ્વર પાર્શ્વનાથ અઠ્ઠમ, ૨૪ તિર્થંકર દીક્ષા કલ્યાણક તપ, પર્યુષણ દરમ્યાન અઠ્ઠાઈ તથા છેલ્લે તા.૨૯-૯ થી તા.૨૯-૧૦ સુધી મહાન માસક્ષમણ તપ પૂર્ણ કરેલ છે. ચાતુર્માસ દરમ્યાન કુલ ૬૪ ઉપવાસ કરેલ. આ ભવ્ય તપની ખૂબ-ખૂબ અનુમોદના કરીએ છીએ. ધન્ય આપની તપો ભાવના... જિનશાસનની વધી પ્રભાવના...



*** અમી આશિર્વાદ ***



**માતુશ્રી કસ્તુરબાઈ હીરાચંદ મુનવર પરિવાર** (કોઠારા)
**અ.સૌ. પ્રેમીલાબેન હરીશભાઈ મુનવર** (અમદાવાદ)
**અ.સૌ. જયાબેન પ્રબોધ મુનવર** (વર્ધમાનનગર-ભુજ)
**અ.સૌ. રેવંતીબેન ચંદ્રકાંત મુનવર** (કોઠારા)



To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**, C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**